॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

જાન્યુઆરી ૨૦૧૫

રૂા. ૫/૦૦

# શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રી સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટીટ્યુટ (કોલેજ)નો ઉદ્દ્ઘાટન મહોત્સવ ઉજવાયો







# ઈન્દોર (એમ.પી.) મધ્યે ઉજવાયેલ
# શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવનનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ














વચનામૃત જયંતીના દિવસે
વચનામૃતનું વાંચન કરતાં સંતો - ભક્તો, ભુજ



પ્રસાદીની છત્રીનો જીર્ણોદ્ધાર મેરાઈ વાડી-રામપર



# તંત્રીની કલમે

ભારતીય સંસ્કૃતિની ગરિમા અને અસ્મિતા અદ્વિતીય છે. આપણી સંસ્કૃતિમાં સૂર્યનારાયણ દિવસ, માસ, વર્ષ અને સમયના દ્યોતક છે. જે દિવસે સૂર્ય રાશિ બદલે તેને સંક્રમણ કાળ કહેવાય છે. સંક્રાતિનો મહિમા સ્કંદપુરાણમાં શાતાતપ મુનિએ ગાયો છે. આ સંક્રાતિઓમાં ધનસંક્રાંતિ અતિ ઉત્તમ છે. તેને કાત્યાયની વ્રત પણ કહેવાય છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને સત્સંગિજીવન પ્ર. ૪માં ધનુર્માસનો વ્રતવિધિ કહેલો છે. કાત્યાયન વ્રત વિશે પોતાની ઈષ્ટસિદ્ધિ અર્થે ભોગ ધરાવવાનું કહેલ છે, શ્રી સ્વામિનારાયણ ભગવાને પણ વૈષ્ણવી રીત મુજબ સંપૂર્ણ ભોગ ધરાવવાનું કહ્યું છે. તેમજ દાન કરવાનું પણ કહ્યું છે.

વિદ્યાનું દાન શ્રેષ્ઠદાન છે. શિક્ષાપત્રીમાં અપાયેલ આજ્ઞાનું અનુસરણ કરવું આપણા સંપ્રદાયની પ્રણાલિકા રહી છે. તે અન્વયે આપણા ભુજ મંદિર દ્વારા શિક્ષણક્ષેત્રે અતિ પ્રશંસનીય પ્રદાન રહ્યું છે. સન ૧૯૪૪ અર્થાત સાત દાયકા પૂર્વે તત્કાલિન અ.નિ. મહંત સ.ગુ. સ્વામી શ્રીવલ્લભદાસજી દ્વારા પ્રજ્વલિત કરવામાં આવેલ જ્ઞાન જ્યોત આજે મશાલ બની કચ્છમાં શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં જ્ઞાનનો પ્રકાશ પાથરી રહી છે. મંદિર દ્વારા સ્થાપિત વિદ્યાલય, ગુરુકુળો અને કન્યા કેળવણીની સંસ્થાઓમાં ભારતીય પરંપરાગત સુસંસ્કારોનું સિંચન અને સંવર્ધન થાય એ વાતને પ્રાધાન્ય આપી વિદ્યાદાન અપાઈ રહ્યું છે. વિદ્યાદાન પ્રાપ્ત કરેલા વિદ્યાર્થીઓએ સભ્ય અને સંસ્કારી સમાજનું નિર્માણ કર્યું છે તેમજ સમાજમાં પદ, પ્રતિષ્ઠા અને પ્રસિધ્ધિ પ્રાપ્ત કર્યા છે.

‘‘વિદ્યા ધનમ્ સર્વધન પ્રધાનમ્’’ એ ન્યાયે વિદ્યાગ્રહણ માટે ધનુર્માસને મહત્ત્વનો સમય કહ્યો છે. શ્રીકૃષ્ણ ભગવાન અને બળદેવજી ધનસંક્રાંતિના દિવસે સાંદિપની ઋષિને ત્યાં વિદ્યા પ્રાપ્તિ અર્થે ગયા હતા.

સૂર્ય ધનરાશિ છોડીને જે દિવસે મકર રાશિમાં પ્રવેશે છે તે દિવસ મકરસંક્રાંતિ કહેવાય છે. મકરસંક્રાંતિના દિવસે તલનું મહત્ત્વ વિશેષ છે. તલનો છ પ્રકારે ઉપયોગ કરવાની શાસ્ત્રોમાં આજ્ઞા આપેલી છે. તલ નાખેલા જળથી સ્નાન કરવું, શરીરે તલના તેલનું મર્દન કરવું, તલનો હોમ કરવો, પાણીમાં તલ નાખીને પીવું, તલ ખાવા, અને તલનું દાન કરવું. આ રીતે છ પ્રકારો તલના ઉપયોગ સમગ્ર પાપોનો નાશ કરનારા કહેલા છે. આ દિવસે દાનનું મહત્ત્વ ખૂબ વધારે છે. એવું શાસ્ત્ર વચન છે. સંક્રાંતિમાં ગ્રહણ મોક્ષ થયા પછી વ્યતીપાત યોગમાં આપેલું દાન અક્ષય અવિનાશી થાય છે. તેનું ફળ જન્મ-જન્મ પર્યંત મળતું રહે છે. આવી શાસ્ત્રીય તથા મહર્ષિઓની દાન આપવાની પરંપરા યુગાન્તર સુધી ચાલતી રહે અને તેની પુષ્ટિ થતી રહે એ હેતુથી ભગવાન શ્રી સ્વામિનારાયણે આનું બહુ મહત્ત્વ આપેલું છે. માટે આજના પર્વે સૌને દાન કરવું.

જય શ્રી સ્વામિનારાયણ !

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન



વેદોપબૃંહ્મણ રૂપ ઉપનિષદ્ ગ્રન્થ યુગ

લેખાંક-૩૮

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી



શિક્ષાપત્રીમાં સહજાનંદ સ્વામીએ માતા-પિતા અને ગુરુની જીવન ભર સેવા કરવાની આજ્ઞા કરી છે. તેમજ ઘરે આવેલ અતિથિની યથા યોગ્ય સેવા કરવાની પણ આજ્ઞા કરી છે. શ્રીજી મહારાજનો આ ઉપદેશ વેદાદિક શાસ્ત્રનો સાર છે. વચનામૃતમાં અનેક સ્થળે સેવાનું ઉત્તમ ફળ બતાવ્યું છે.

**(૩) ત્રીજો ઉપદેશ**

આચાર્ય ત્રીજો ઉપદેશ આપતાં કહે છે, ઉપર જણાવેલ ઉપદેશનું આચરણ કરતાં કરતાં જો કોઈ કર્તવ્યતાના આચરણમાં તમને મનમાં કોઈ શંકા થાય અથવા સદાચારના વિષયમાં કોઈ પ્રકારની દુવિધા ઉત્પન્ન થાય તો એવી પરિસ્થિતમાં કોઈ ઉત્તમ વિચારવાળા, સત્કર્મ તથા સદાચારમાં રહેલ વિદ્વાન્ બ્રાહ્મણ અથવા મહાપુરુષની સલાહ લઈને તેની આજ્ઞાનુંસાર આચરણ કરવું જોઈએ. એવી જ રીતે કોઈ વ્યક્તિ લાંછિત તથા દુરાચારી હોય તો વિદ્વાન્ મનુષ્ય તેનો નિર્ણય લે. તમારે તો શુદ્ધ જ આચરણ કરવું જોઈએ આ જ શાસ્ત્રનો રહસ્ય ઉપદેશ છે. **આ મારો અંતિમ ઉપદેશ છે, અંતિમ શિક્ષા છે, અંતિમ આદેશ છે.**

**બારમો અનુવાક**

આ વલ્લીના છેલ્લા અને બારમા અનુવાકમાં પહેલા અનુવાકની જેમ શાન્તિપાઠ કરવામાં આવ્યો છે. મિત્ર, વરુણ, ઈન્દ્ર, અર્યમા, બૃહસ્પતિ, વિષ્ણુ, વાયુ દેવ, આદિ અનેક દેવતાઓની સ્તુતિ કરવામાં આવી છે.

**આનન્દવલ્લી**

સ.ગોપાળાનંદ સ્વામીએ ભાષ્યની સરૂઆત કરતાં પહેલા ભગવાનની પ્રાર્થના કરે છે કે - જે અન્નમય આદિકનો આત્મા છે તેથી બીજો અન્દરનો આત્મા કે જેના જાણવાથી ઉદય થાય અને ન જાણવાથી અસ્તપણુ થાય છે. જેના ભયથી વાયું વાય છે. સૂર્ય ઉદય પામે છે તે સર્વના શાસનકર્તા આનંદમય શ્રીસ્વામિનારાયણ પુરુષોત્તમનારાયણની અમો ઉપાસના કરીએ છીએ.

શાન્તિપાઠ પછી બ્રહ્મના સ્વરૂપનું વર્ણન કરવામાં આવેલ છે. તદેષાઽભ્યુક્તા સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ । બ્રહ્મ

સત્ય છે, જ્ઞાનથી પ્રાપ્ત થનાર, અનન્ત વિસ્તારવાળા તથા પરમ વિશુદ્ધ આકાશમાં સ્થિર રહેલાં હોવા છતાં પણ હૃદયરૂપિ ચિદાકાશમાં પણ રહેલ છે. આ બ્રહ્મ હૃદયરૂપિ ગુફામાં રહેલા છે એવા આ છુપાયેલા બ્રહ્મને જે સાધક જાણી લે છે તે અલૌકિક સુખ ભોગવે છે.

પાંચ તત્ત્વોના વિકાસનો ક્રમ બતાવતાં કહે છે કે - तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः । आकाशाद्वायुः । वायोरग्निः । अग्नेरापः । अद्भ्यः पृथिवी । पृथिव्या ओषधयः । ओषधीभ्योऽन्नम् । अन्नात्पुरुषः । સર્વપ્રથમ તે પરબ્રહ્મથી આકાશ તત્ત્વ ઉત્પન્ન થયું. આકાશથી વાયુ, વાયુથી અગ્નિ, અગ્નિથી જળ અને જળથી પૃથ્વી, તેમજ પૃથ્વીથી અનેકવિધ ઔષધિઓ, ઔષધિઓથી અન્ન, અન્નથી શરીર ઉત્પન્ન થયું. મનુષ્યના શરીરની પક્ષીના રૂપમાં બતાવતાં કહે છે, અન્નમય શરીરથી બનેલો પુરુષનું જે માથું છે તે પક્ષીનું માથું છે, ડાબો હાથ ડાબી પાંખ છે, જમણો હાથ જમણી પાંખ છ, શરીરનો મધ્યભાગ જ પક્ષીનો મધ્યભાગ છે, મનુષ્યના શરીરના બે પગ પક્ષીની પૂછ અને બે પગ છે. (આહિં માનવ શરીરની તુલના પક્ષીના રૂપમાં કરવાનો તાત્પર્ય ઋગ્વેદમાં સંકેત છે કે સુપર્ણ = સુ+પર્ણ = સુંદર પાંખો વાળા. પ્રજાપતિ, સંવત્સરનું પ્રતિક માનવામાં આવે છે. સુપર્ણ પાંખો ફેલાવવી અને સંકોલવી જેવી ક્રિયા થાય છે આ જ પ્રાણનું રૂપ છે. આવી ભાવનાને કારણે માનવ શરીરની પક્ષીની સાથે તુલના કરવામાં આવી છે.

પાંચતત્ત્વ સિવાય મનુષ્ય શરીરના સંદર્ભમાં પાંચ કોશોનું વર્ણન પણ આ અનુવાકમાં કરવામાં આવ્યુ છે. સર્વપ્રથમ અન્નમય શરીર છે, જે માતાના ગર્ભથી જન્મ પછી અન્ન દ્વારા પુષ્ટ થાય છે જે પાંચભૂતોથી બનેલું છે. બીજુ શરીર પ્રાણમય શરીર છે, જે પાંચ પ્રાણોથી બનેલું છે. ત્રીજુ શરીર મનોમય શરીર છે, જે પાંચ જ્ઞાન ઈન્દ્રિયો તથા મન મળીને બન્યું છે. ચોથુ શરીર વિજ્ઞાનમય કોશ છે, જે બુદ્ધિ અને અહંકારથી નિર્મિત થાય છે. પાંચમુ શરીર આનંદમય કોશ છે, જે ચિત્ત દ્વારા નિર્મિત થાય છે. આ પાંચ શરીરથી અતિરિક્ત શુદ્ધ આત્મા છે અને તેનાથી પર જ્ઞાનપ્રકાશરૂપ પરબ્રહ્મ પરમાત્મા તત્ત્વ છે.

**બીજો અનુવાક –**

**અન્નમય શરીર**

અન્નનો મહિમા અને પ્રાણયમ શરીરનું વર્ણન આ અનુવાકમાં કરવામાં આવ્યું છે. अन्नाद्वै प्रजाः प्रजायन्ते। જેમ કે પૃથ્વીનો આશ્રય લઈને જીવનાર જેટલાં પણ પ્રાણીઓ છે તે સર્વે અન્નથી જ ઉત્પન્ન થાય છે.(કારણ કે વીર્ય અને રેતસ અન્નથી જ ઉત્પન્ન થાય છે) અન્નથી જ જીવે છે અને અન્તે અન્નમાં જ વિલીન થઈ જાય છે. તેથી અન્ન જ સર્વે ભૂતોમાં શ્રેષ્ઠ છે. તેથી જે ઉપાસક અન્ન રૂપી બ્રહ્મની ઉપાસના કરે છે તે બધા અન્નનું  સુખ ભોગવે છે. અન્ન સર્વે ભૂતોમાં શ્રેષ્ટ છે તેથી તેનું એક સર્વોષધિ પણ છે. અન્ન દ્વારા જ સ્થૂલ શરીર પૃષ્ટ થાય છે. તેથી અન્નમાં બ્રહ્મની ઉપાસના કરવી જોઈએ.

**પ્રાણમય શરીર**

બીજું શરીર પ્રાણમય છે. प्राणं देवा अनु प्राणन्ति। અન્નથી પૃષ્ટ થયેલા શરીરમાં પ્રાણમય શરીર રહેલું છે, જે આ અન્નમય શરીરમાં વ્યાપ્ત છે તથા તેવા આકારનું છે (કારણ કે પ્રાણ સમસ્ત શરીરમાં વ્યાપ્ત છે) આ પ્રાણરૂપી સુપર્ણનો પ્રાણ મસ્તક છે, વ્યાન ડાબી પાંખ છે, અપાન જમણી પાંખ છે. આકાશ મધ્ય ભાગ છે અને પૃથ્વી આધાર છે. સર્વે પ્રાણી મનુષ્ય હોય અથવા પશુ-પક્ષી હોય બધા પ્રાણને આધારે જીવન જીવે છે કારણ કે જ્યાં સુધી શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી પ્રાણી જીવિત રહે છે. તેથી પ્રાણ જ વાયુ છે. એટલે જ

પ્રાણને **સર્વાયુષ** પણ કહેવામાં આવે છે. જે જ્ઞાનવાન પુરુષ આ રહસ્યને જાણીને પ્રાણમાં બ્રહ્મની ઉપાસના કરે છે તે સંપૂર્ણ આયુષ ભોગવે છે.

**મનોમય શરીર**

तस्माद्वा एतस्मात्प्राणमयात् अन्योऽन्तर आत्मा मनोमयः । પ્રાણમય શરીરની અંદર એક મનોમય શરીર છે. જે પ્રાણમય શરીરમાં વ્યાપ્ત છે. આ મનોમય શરીર રૂપી સુપર્ણનો યજુર્વેદ મસ્તક છે, ઋગ્વેદ ડાબો હાથ છે, સામવેદ જમણો હાથ છે તેમજ અથર્વવેદ પૂંછ અને આધાર છે. જે ઉપાસક મનમાં બ્રહ્મની ઉપાસના કરે છે તે મન ઉપર વિજયને મેળવી લે છે.

**વિજ્ઞાનમય શરીર**

अन्योऽन्तर आत्मा विज्ञानमयः । મનોમય શરીરમાં એક સુક્ષ્મ વિજ્ઞાનમય શરીર છે જે સંપૂર્ણ શરીરમાં વ્યાપ્ત છે. તેની પણ સુપર્ણ પક્ષીની સાથે તુલના કરવામાં આવી છે. શ્રદ્ધા તેનું મસ્તક છે, સદાચરણ તેની ડાબી પાંખ છે, સત્ય ભાષણ તેની જમણી પાંખ છે, ધ્યાન તેના શરીરનો મધ્ય ભાગ છે અને 'મહ' નામથી પ્રસિદ્ધ પરમાત્મા તેનો આધાર છે. વિજ્ઞાનમય શરીર જ યજ્ઞ અર્થાત્ આધ્યાત્મિક કાર્ય તથા લૌકિક અર્થાત્ શુભ અને અશુભ કર્મ બન્નેનો વિસ્તાર થાય છે. આપણે એમ પણ કહિ શકીયે કે બુદ્ધિ જ સર્વે કર્મોની પ્રેરણા સ્રોત છે. બધી ઈન્દ્રિયો અને તેનો સ્વામી જે મન આ વિજ્ઞાનમય સ્વરૂપ બ્રહ્મની ઉપાસના કરે છે. જે ઉપાસક વિજ્ઞાનમાં બ્રહ્મની ઉપાસના કરે છે તે બ્રહ્મને જાણી લે છે.

ક્રમશઃ

## જાન્યુઆરી – ૨૦૧૫ની આગામી કથાઓ

| તારીખ | ગામ | યજમાનશ્રી |
|---|---|---|
| ૧-૧-૨૦૧૫ | રામપર નવોવાસ | શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કથા પારાયણ દિવસ પાંચની |
| ૧-૧-૨૦૧૫ | ભુજ | શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કથા પારાયણ દિવસ પાંચની |
| ૨-૧-૨૦૧૫ | માંડવી | માંડવી મંદિરે પારાયણ દિવસ પાંચની |
| ૪-૧-૨૦૧૫ | ભુજ | ભુજ મંદિરે શાકોત્સવ, આ પ્રસંગે આચાર્ય મહારાજશ્રી પધારશે |
| ૬-૧-૨૦૧૫ | સુખપર | શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કથા પારાયણ દિવસ પાંચની |
| ૧૦-૧-૨૦૧૫ | માંડવી | માંડવી મંદિરે પારાયણ દિવસ પાંચની |
| ૧૧-૧-૨૦૧૫ | ભક્તિનગર | શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કથા પારાયણ દિવસ પાંચની |
| ૧૧-૧-૨૦૧૫ | માંડવી | માંડવી મંદિરે શાકોત્સવ |
| ૧૧-૧-૨૦૧૫ | ભુજ | પ્રસાદી મંદિરે શાકોત્સવ |
| ૧૬-૧-૨૦૧૫ | માંડવી | માંડવી મંદિરે પારાયણ દિવસ પાંચની |
| ૨૧-૧-૨૦૧૫ | ભુજ | પ્રસાદી મંદિરે રાત્રી સભા ત્રણ દિવસ માટે |
| ૨૪-૧-૨૦૧૫ | ભુજ | પ્રસાદી મંદિરે સાંજે વસંતોત્સવ છે. |
| ૨૯-૧-૨૦૧૫ | થાણા-મુંબઈ | શ્રી સ્વામિનારાયણ મંદિરમાં થાણા મુંબઈના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પાંચ દિવસની કથા પારાયણ |

# ભગવાનના ચારિત્ર્યમાં પણ દોષ કાઢે

- ડૉ. એચ.વી. કેરાઈ, અંજાર

આ જગતમાં એવા માણસો છે તો વાતવાતમાં એમના સંપર્કમાં રહેલા મનુષ્યો દોષ લે. એના ચારિત્રય પર શંકા કરીને દોષ કાઢે. એતો ઠીક પણ એવા પણ માણસો છે તે જગતના કર્તા હર્તા પ્રભુનાં ચારિત્રમાં પણ દોષ કાઢે સમગ્ર જગત જેમના આધારે ચાલી રહ્યું છે અને જેમની મરજી વગર માનવી એક પગલું પણ ચાલી શકતો નથી એવા સમર્થ ઈશ્વરના પણ ગુણદોષ જુએ. આ પૃથ્વી પર પ્રભુ જ્યારે અવતાર ધારણ કરીને મનુષ્યરૂપે વર્તે છે ત્યારે એમનાં ઘણાં ચરિત્રો મનુષ્ય જેવાં હોય છે એ આપણે સમજવાનું છે. અને ભગવાને આપણને ગીતામાં પણ આદેશ આપ્યો છે કે "હું કહું તેમ કર, હું કરું તેમ ન કરીશ." ભગવાનની મનુષ્ય લીલા ન્યારી છે એને સમજવા માટે ભલભલા માર ખાઈ જાય છે અને પછી ભગવાનના ચરિત્રમાં દોષ ગોતવા માંડે છે.

ભગવાન શ્રીરામચંદ્રજી વિષે બોલે કે રામ બધી રીતનાં બરાબર પણ દગા ફડકાથી વાલીને માર્યો એ યોગ્ય ન કહેવાય. મર્યાદા પુરુષોત્તમ રામ બધી રીતનાં ઉત્તમ પણ એણે વગર વાંકે સીતાજીને વનમાં મોકલાવ્યાં એ એમની જબરી ભૂલ કહેવાય. સીતાજીએ તો એક વખત અગ્નિ પરીક્ષા આપી દીધી પછી સીતાજીનો દોષ કહ્યો રહ્યો!

શ્રીકૃષ્ણ ભગવાને બધું સારું કર્યું પણ પરણેતર ગોપીઓ સાથે રાસ લીલા કરી એ ખોટું કર્યું કહેવાય.

ભગવાન પરશુરામ ભલે ભગવાનનો અવતાર ગણાયા હોય પણ એમણે ક્ષત્રિયોને મારીને લોહીના કુંડ ભર્યા એ ખોટું કહેવાય.

ત્રણ ડગલામાં બલિરાજાનું સર્વસ્વ લઈ લેનાર વામનજી ભગવાનનો અવતાર ખરા પણ દગા ફટકાથી બલિરાજાને મહાત કર્યો એ સારું ન કહેવાય.

આવી રીતના વિષ્ણુ ભગવાનના અન્ય અવતારોનાં ચારિત્ર્યમાં દોષ જુએ.

જે માનવી ભગવાન જેવા ભગવાનના જો ગુણ દોષ જોતો હોય એ માનવી અન્ય માનવીના, સંતોના દોષ જોવાનો જ છે. અને એટલે જ મનુષ્યની બુધ્ધિ ભ્રષ્ટ થાય છે. અને સદાયને માટે ભગવાનથી વિમુખ થઈ જાય છે. માટે દોષ પોતાના જુઆ અને ગુણ બીજાના.



# એક રૂપિયો

- વેકરીયા હસ્મિતા લાલજી, સુખપર જુનોવાસ

વ્હાલા વાંચકો ! આપણે આપણા દિવસની શરૂઆત સર્વ અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે પાર્થનાથી કરવી. ભક્તો ‘‘દિવસની શરૂઆતમાં કરવા જેવી સારામાં સારી પ્રાર્થના એ છે કે આપણે એ દિવસે એક પણ પળ નકામી ગુમાવીએ નહિ.’’ આપણો એક દિવસ એ કેટલો મોંઘો અને અમુલ્ય છે ? તે જોઈએ.

એક રાજાને ત્રણ પુત્રો હતા. ત્રણેય પુત્રો હવે પુખ્ત ઉંમરના થયા છે. રાજા વૃદ્ધ થવા લાગ્યા છે. રજવાડાના નિયમ પ્રમાણે જયેષ્ઠ એટલે મોટો પુત્ર રાજગાદીનો વારસદાર બને, પરંતુ રાજા આ પ્રણાલીમાં માનતા નથી. રાજ્યશાસન ચલાવવાની લાયકાતવાળો પુત્ર જ રાજા બને તેવું રાજા ઈચ્છે છે. તેમણે પોતાના મનની વાત પોતાના ગુરુને કહી. ગુરુએ કહ્યું, હે રાજન્, તે માટે ત્રણેય પુત્રોની કસોટી કરવી પડે. ત્રણેય પુત્રોને બોલાવવામાં આવ્યા. ત્રણેયને એક એક રૂપિયો આપવામાં આવ્યો અને કહેવામાં આવ્યું કે દરેક રાજકુમાર તેમને આપવામાં આવેલો રૂપિયો તેમની મરજી મુજબ વાપરી શકે છે.

પહેલો રાજકુંવર મનમાં વિચાર કરે છે કે હું તો રાજાનો દીકરો, એક રૂપિયાની મારે મન શું કિંમત ? તે મોજશોખ પાછળ તે રૂપિયો વાપરી નાખે છે.

બીજો રાજકુંવર વિચાર કરે છે કે એક રૂપિયામાં વધુમાં વધુ શું આવે ? તે નકામી કચરા જેવી ચીજો ખરીદવામાં રૂપિયો વાપરી નાખે છે.

ત્રીજો રાજકુંવર વિચાર કરે છે આ એક રૂપિયો આપવા પાછળ કંઈક ઉદ્દેશ છે. મારે તેનો સારામાં સારો ઉપયોગ કરવો જોઈએ. તે એક રૂપિયાનું પુસ્તક ખરીદે છે અને વાંચી જાય છે.

એક અઠવાડિયા પછી ત્રણેય રાજકુંવરોને બોલાવવામાં આવ્યા. રૂપિયો કઈ રીતે વાપર્યો તે પૂછવામાં આવે છે. પ્રથમ રાજકુંવર જણાવે છે કે તેણે મોજશોખમાં વાપર્યો. બીજો કહે છે કે તેણે આ બધી વસ્તુઓ ખરીદી. વસ્તુઓ સાવ કચરા જેવી હતી. ત્રીજો રાજકુંવર કહે છે કે તેણે પુસ્તક ખરીદ્યું અને તે પુસ્તક દ્વારા જ્ઞાન પ્રાપ્ત કર્યું છે.

આપણે સમજી શકીએ છીએ કે રાજા અને ગુરુએ રાજ્યનું શાસન કોને સોંપ્યું હશે ? ત્રીજા પુત્રને રાજ્યનું શાસન સોંપવામાં આવે છે.

ભક્તજનો આ વાર્તા પરથી આપણને એમ જાણવા મળે છે કે આપણને પણ ‘‘આપણો પરમપિતા ભગવાન દરરોજ એક રૂપિયો એટલે કે એક દિવસ આપે છે. સાંજે આપણી પાસે હિસાબ માંગવામાં આવે છે કે આપણે તે રૂપિયારૂપી દિવસનું શું કર્યું ? તેનો કઈ રીતે ઉપયોગ કર્યો ?’’

મોટા ભાગના તેને મોજ મજામાં વેડફી નાંખે છે. તેને મન એક દિવસની કાંઈ કિંમત નથી. દરરોજ એક એક દિવસ વેડફતાં સમગ્ર જીવન વેડફાઈ જાય છે.

બીજા કેટલાક એવા છે જે અમુક બાબતોમાં, બિનમહત્ત્વની બાબતોમાં પોતાનો સમય વ્યતીત કરી નાખે છે. એક કહેવત છે ને કે પાંચ પચ્ચીસના ઝઘડામાં, મારો હિરો હરાઈ ગયો કચરામાં. તેના જેવી સ્થિતિ થાય છે. આખરે અફસોસ થાય છે કે જે કરવા જેવું હતું તે ન કર્યું અને ન કરવા જેવાં કામોમાં જિંદગી વ્યતીત થઈ ગઈ.

વ્હાલા વાંચકો એક રૂપિયારૂપી એક દિવસનો આપણે સદ્‌પયોગ કરવો જોઈએ. દિવસમાં અનેક કાર્યો કરવાના હોય છે, પરંતુ તે કામ કરતાની સાથે ભગવાનને સાથે રાખીએ અને ભગવાનના ભજન સ્મરણની સાથે દિવસનો પૂરેપૂરો ઉપયોગ કરવો જોઈએ. કારણ કે એ દિવસ કે સમય વીતી ગયો તે ક્યારેય પાછો આવતો નથી. આપણા દિવસો સારા જાય અને સદ્‌ઉપયોગ થાય એ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના એ જ.

# હેતના હેલ્યા !

- નંદુ વી. ભુવા - કેરા

વાચક મિત્રો ! જય શ્રી સ્વામિનારાયણ. જગતની અંદર આપણે જોવા મળે છે કે માતાને તેના બાળક ઉપર અને પશુઓને તેના બચ્ચા ઉપર સ્વાભાવિક હેત હોય છે. તેવી જ રીતે ભગવાનને ભગવાનના ભક્ત ઉપર સ્નેહ, હેત હોય છે અને ભક્તને ભગવાન ઉપર. સ્વયં ભગવાન પણ વચનામૃતની અંદર તેમની વાણીમાં પણ કહ્યું છે કે, અમારે તો નિષ્કામ ભક્ત ઉપર હેત સહેજે થઈ આવે છે અને બીજા ઉપર તો હેત કરવા જઈએ તો પણ હેત થતું નથી.

એવા ભક્તો ભગવાનને રાજી કરવા તે પ્રત્યેનો સ્નેહ વધુને વધુ રહે તે માટે નાની-મોટી સેવાઓ જરૂર કરતા હોય છે. એવા જ એક સુરતના ભક્ત હતા આત્મારામ દરજી. મહારાજનું નામ સાંભળતા અને પ્રભુમય થઈ જતા.

એક દિવસ આત્મારામ દરજીને પોતાનું કામ કરતા કરતા વિચાર આવ્યો કે મારી પાસે પ્રભુના ચરણોમાં અર્પણ કરી શકાય એવું કાંઈ જ નથી, પણ ભગવાને મને આંગળાની કળા આપી છે તો તેનો વાઘામાં ઉપયોગ થાય અને પ્રભુ રાજી થાય તે માટે આત્મારામ દરજીએ ડગલી બનાવવાની શરૂ કરી. આત્મારામજી જાણે પૂજામાં મગ્ન હોય અને પ્રત્યક્ષ પ્રભુ દર્શન કરતા હોય તેવો અનુભવ ડગલી શીવતા શીવતા માણતા હતા. રાત-દિવસ મહેનત કરી ડગલી તૈયાર કરી, સુદર બુટા, વેલ મૂક્યા, કિંમતી જશનું કામ, સુંદર ભરતકામ, નયનરમ્ય ડગલી તૈયાર થઈ. તે જોઈ ખૂબ આનંદ થયો.

આત્મારામજીએ પ્રભુના ચરણોમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી ડગલી અર્પણ કરી. આ જોઈ મહારાજ ખુશ થયા. મહારાજને કલા કામગીરી ઉપર ખૂબ પ્રેમ હતો. મહારાજે ડગલી પહેરી. બરાબર બંધ બેસતી થઈ ગઈ. નહિ જાડી, નહિ મોટી, નહિ લાંબી, નહિ ટૂંકી. જાણે માપ લઈને ન બનાવી હોય ? પ્રભુ કહે ડગલી અદ્‌ભુત બની છે. અમને ખૂબ ગમી. માંગો, માંગો તે આપીએ. આત્મારામ દરજીએ હાથ જોડી કહ્યું, ''મહારાજ ! માગું આપના ચરણમાં વાસ ! એ સિવાય મારે કંઈ ન જોઈએ.'' મિત્રો જોયું ને આત્મારામજીએ શું માગ્યું.


જ્યારે જગતના જીવો માયિક સુખ માંગવા તૈયાર થાય છે. પ્રભુએ હસીને કહ્યું જેવી ડગલી મોટી છે તેવી તમારી વાત મોટી છે. તમે અમને રાજી કર્યા! તમે માંગ્યુ તે અમે આપ્યું.

આ વાત જાણી એક હરિભક્ત આત્મારામજીને પૂછ્યું કે, આત્મારામ તમે આ ડગલીનું માપ ક્યારે લીધું ? આત્મારામ કહે, ભગવાનની મૂર્તિ મારા રોમે રોમમાં વસી છે. આંખ મીચું છું ને દેખાય છે ! તે વખતે હું માપ લઈ લઉ છું. ધન્ય ડગલી. ધન્ય આત્મારામજી. થોડીવારમાં આખા ગામમાં વાત ફેલાઈ ગઈ. દરજીએ પ્રભુ માટે ડગલી સીવી છે તે આજ સુધી ક્યાંય પણ જોવામાં આવી નથી. ડગલી અદ્‌ભુત છે. આ વાત રાજા પાસે પહોંચી. મારે એ ડગલી જોવી છે. રાજા ડગલી જોઈ મુગ્ધ થઈ ગયો. રાજા દરજીને કહે, મારા માટે આવી ડગલી સીવી આપશો ? મોં માગ્યા પૈસા આપીશ. આત્મારામ દરજીએ શાંતિથી જવાબ આપ્યો. મહારાજા ! નાના મોઢે મોટી વાત કરું છું માફ કરજો. ફક્ત કારીગરીથી કામ થતું નથી. કારીગરીથી ઉપરાંત કંઈક ઉમેરવું પડે છે. રાજાએ દરજીની વાતમાં રસ પડ્યોને કહ્યું "શું ઉમેરવું પડે છે ?" આત્મારામે કહ્યું, હેત ! ભક્તિ ! હેતના ટેભા લેવા પડે. બીજી ડગલી સીવવા હેતના ટેભા ક્યાંથી લાવું ? એવું હેત ક્યાંથી લાવું ? રાજા સમજી ગયા કે ભગવાન ઉપર પ્રેમ હોય એટલો પ્રેમ મારા ઉપર ક્યાંથી હોય ?

ડગલી પહેરનાર તો સ્વયં ભગવાન છે અને તે ડગલી પણ અદ્વિતિય છે. રાજાએ દરજીનું ગૌરવ અને કલાની કદર કરી અને તેને મોટું ઈનામ આપ્યું.

વ્હાલા સત્સંગીઓ જોયું ને ? ભક્તને ભગવાન ઉપર કેટલું હેત છે. જો ભગવાન રાજી થયા તો આત્મારામજીને ઈનામરૂપી ફળ પણ મળ્યું. માટે હંમેશા ભગવાન, સંતો રાજી કેમ રહે તેવા વિચાર અને વર્તન રાખવા. તેના ઉપર હેત થઈ જશે તો ભવસાગરનો ફેરો પાછો ભરવો નહિ પડે ને આજ જન્મે અક્ષરધામની પ્રાપ્તિ થશે.

# નિત્યાનંદ સ્વામીનું જીવન અને કવન



- પો. મહાદેવભાઈ ધોરિયાણી

ઉત્તર ભારતમાં બુદેલ ખંડમાં લખનૌ જિલ્લામાં 'દાંતિયા' નામે એક ગામ છે. અહીં વિષ્ણુશર્મા નામે યજુર્વેદી ગૌડ બ્રાહ્મણ અને અ.સૌ. વિરજાદેવીના પવિત્ર ગ્રહે ગોવિંદ શર્મા અને દિનમણી શર્માનો જન્મ થયો. આ દિનમણિ શર્મા એ જ આપણા પ્રકાંડ પંડિત અને ધુરધંર વિદ્વાન નિત્યાનંદ સ્વામી.

પિતા વિષ્ણુશર્માને સરસ્વતી અને લક્ષ્મીનો સુંદર સુયોગ અને સુભગ સમન્વય થયો

હતો. પોતે જેવા વિદ્વાન તેવા જ ગર્ભશ્રીમંત પણ ખરા. અપાર સમૃધ્ધિ અને સંપત્તિવાળા આ કુટુંબમાં બુદ્ધિમત્તા ધીરગંભીર ગાંભીર્ય, સુશીલતા અને સુંદર મુખકાંતિથી દિનમણિ શર્મા તત્કાલિન સમાજમાં કંઈક જુદા જ તરી આવતા હતા.

તેમને સંસ્કૃતનો અને શાસ્ત્રાભ્યાસનો ખૂબ જ શોખ હતો. તેથી કાશીમાં થોડાં વર્ષો રહીને તલસ્પર્શી અભ્યાસ કર્યો. તેમને પરમતત્ત્વની શોધ કરવાની ગજબ તમન્ના હતી. શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યા પછી ઘેર જવાને બદલે સમગ્ર ભારતમાં તીર્થોટન કર્યું. દ્વારિકા જતી વખતે વિસનગર આવ્યા. અહીં તેમને કોઈ સત્સંગિએ કહ્યું કે, કાઠિયાવાડમાં ભગવાનનો અવતાર થયો છે. તેમની પાસે વિશાળ શિષ્યવૃંદ છે. આ પરમહંસો પણ ખૂબ જ વિદ્વાન અને પ્રતાપી છે. આ ભગવાનના અંગ પર શાસ્ત્રોમાં જે ઉલ્લેખ છે તેવા ભગવાનપણાંનો સર્વ ચિહ્નો છે. આ સાંભળી મહારાજને મળવા માટે અતિ ઉત્સુક બન્યા.

દ્વારિકાની યાત્રા કરી 'ફણેણી' ગામે આવ્યા. અહીં સહજાનંદ સ્વામીના શિષ્ય પ્રભુતાનંદજીનો મેળાપ થયો. તેમના દ્વારા મહારાજનો મહિમા જાણી આનંદ વિભોર બન્યા. સ્વામી પ્રભુતાનંદજીનો ઉપદેશ સાંભળી આંતર કલેશ સમી ગયો. મન એકદમ શાંત થયું, ચિત્ત આનંદમય બન્યું. હવે તેઓ મહારાજને મળવા વધુ ઉત્સુક બન્યા. તેમને સમાચાર મળ્યા કે, ભગવાન સ્વામિનારાયણ સિદ્ધપુર થઈને પછી ઊંઝા પધારવાના છે.

દિનમણિ શર્મા સત્વરે સીધા ઉંઝા પહોંચ્યા. મહારાજ અહીંના તળાવ તીરે વિશાળ સભા ભરીને ઉચ્ચ આસને વિરાજમાન હતા. મહારાજનાં દર્શન થતાંની સાથે જ દેહભાન ભૂલી ગયા ! થોડીવાર પછી દંડવત્ પ્રણામ કર્યા. મહારાજ તેમને સભા મધ્યે પ્રેમપૂર્વક ભેટ્યા. મહારાજનું વિલક્ષણ વ્યક્તિત્વ અને શ્રીહરિના મંદ હાસ્ય સાથે 'મહારાજની દંતપંક્તિ' નિહાળી અને તે જોતાં જ ભગવાનપણાનો, ભગવાન સંબંધી જે કંઈ શાસ્ત્રોમાંથી જાણ્યું હતું, તે અંગેનો દૃઢ નિશ્ચય થયો. દિનમણિ હવે ત્યાં જ રહ્યા. પછી દીક્ષા લેવા મહારજને નમ્ર વિનંતી કરી. 'જોધપુર' મુકામે તેમને ભાગવતી દીક્ષા આપી અને 'નિત્યાનંદમુનિ' એવું નામ રાખ્યું.

મહારાજે નિત્યાનંદ સ્વામીને આજ્ઞા કરી કે તમે જો કે વિદ્વાન છો, છતાં હજુ થોડો વધુ શાસ્ત્રાભ્યાસ કરો. આથી સ્વામી નાંદોલના અતિ વિદ્વાન પુરુષોત્તમ ભટ્ટ પાસે વેદાન્ત, ન્યાય, સાંખ્યાદિ શાસ્ત્રોનો વધુ અભ્યાસ કર્યો.

સ્વામી પોતાની પાસે અધ્યયન કરી રહ્યા હતા, પરંતુ અધ્યાપન કાર્ય કરતી વખતે ભટ્ટજીને એવી અનુભૂતિ થઈ કે આ કોઈ માનવીય બુદ્ધિ નથી. સ્વામી તો શાસ્ત્રોનાં કઠિન રહસ્યોના ઉકેલો હસતાં હસતાં કહે છે. આમની પાસે તો ઊલટું મારે અધ્યયન કરવા જેવું છે, ભણવા જેવું છે.

એક વખત ભટ્ટજીએ અનેક વિદ્વાનોને બોલાવીને 'શાસ્ત્રાર્થ' નું આયોજન કર્યું ભટ્ટજીએ સ્વામીની સભામાં ભારોભાર પ્રશંસા કરી. આથી અન્ય વિદ્વાનોએ તેમના પર પ્રશ્નોની ઝડી વરસાવી !

જ્ઞાનના પ્રકારોમાં કયું જ્ઞાન કોને હોય છે તે વિશે કેટલાક પ્રશ્નો પૂછ્યા :

૧) આત્મા જ્ઞાનસ્વભાવી છે, કારણસ્વભાવજ્ઞાન,

કાર્યસ્વભાવજ્ઞાન તેના નવ પ્રકાર કયા છે ?
૨) આમાંથી કયું જ્ઞાન ક્યા જીવને હોય છે ?
૩) કયું જ્ઞાન 'પ્રત્યક્ષ' છે અને કયું 'પરોક્ષ' છે ?
૪) કયું જ્ઞાન મોક્ષનું મૂળ છે ?
૫) આત્માને કેવો જાણવો ?
૬) બ્રહ્મોપદેશ અને તેનો મહિમા જણાવો.

ઉપરોક્ત છ પ્રશ્નોના જવાબ સાંભળીને સારીય સભા આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ ! ગુરુવર્ય ભટ્ટજીના આનંદની તો કોઈ સીમા ન હતી.

વિદ્યાભ્યાસ ભટ્ટજી પાસે પરિપૂર્ણ કરીને સ્વામી 'લોયા' મુકામે મહારાજને મળ્યા. અંતર્યામી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન તો બધુ જ જાણતા હતા છતાં કહ્યું કે, તમે જે જે ભણ્યા તે બધું અમને કહી સંભળાવો. સ્વામીએ અથથી ઈતિ સુધી સર્વ હકીકત કહી સંભળાવી. મહારાજ ખૂબ રાજી થયા.

પછી તો સ્વામી મહારાજની સાથે જ રહેતા. તેમની કથા સાંભળીને સભાજનો મંત્રમુગ્ધ બની જતા!

"કરે કથા નિત્યાનંદ નિત્ય
રાખી ગ્રંથો રળિયામણા."

મહારાજની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી તથા અન્ય સંતો સાથે અમદાવાદ ઘુમટમાં રહીને સંતોને ભણાવતા. ઝોળી માગી લાવીને સ્વહસ્તે રસોઈ બનાવી પાણી નાખીને નાનો એવો ગોળો વાળીને જમવાનું. સ્વામી કાંતિમાન અને શરીરે હૃસ્તપુષ્ટ હતા. તેથી તેમને કોઈએ કહ્યું "સ્વામી ! તમે તો લાડુ જમીને જામી ગયા છો."

"અરે ભાઈ ! આ શરીરમાં તો લુખું અનાજ જાય છે, પણ રગેરગમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો મહિમા ભર્યો છે.

મહાસમર્થ વિદ્વાન સ્વામી નિત્યાનંદના પિતા વિષ્ણુશર્મા સંપત્તિવાન હતા છતાંય પિતાની છલકાતી સંપત્તિ અને સમૃધ્ધિને અવગણીને આવેલા સ્વામીએ મહારાજની આજ્ઞાથી અનેક સંતોને ભણાવી વિદ્વાન કર્યા હતા. તેમણે કેટલાય સંસ્કૃત ગ્રંથ પણ રચ્યા છે.

સ્વામીએ સત્સંગની સેવા કરીને સત્સંગને અનેરો અનોખો અને અનુપમ ઓપ આપ્યો છે. પોતાની વિદ્વતાથી સંતોને ભણાવીને તેમજ કથાવાર્તા કરીને સંપ્રદાયનું ગૌરવ વધાર્યું છે. સ્વામીએ સારાય સમાજને વિદ્વતાપૂર્વક 'સ્વામિનારાયણ સંપ્રદાય' નહિ તે તો 'સ્વામિનારાયણ પંથ' કહેવાય. પરંતુ વલ્લભી સંપ્રદાયના વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરીને એ પુરવાર કરી આપ્યું કે, 'સ્વામિનારાયણ સંપ્રદાય'એ એક શ્રેષ્ઠ સંપ્રદાય છે. આખરે સભાએ કબૂલ કરવું પડ્યું. એ જ રીતે જૂનાગઢના નવાબને પણ સ્વામીએ 'સંપ્રદાય'ની ગૌરવતા, સંપ્રદાયનું બંધારણ અને સંપ્રદાયની વિશિષ્ઠા સમજાવીને નવાબને આશ્ચર્ય ચકિત કરી દીધા હતા !

આવા તો અનેક પ્રસંગો નિત્યાનંદ સ્વામીના જીવનના છે, પરંતુ સ્થળ-સંકોચને કારણે જે તે પ્રસંગોનું આલેખન કરવું અશક્ય છે. આથી અમે તો એટલા જ નિર્દેશ કરવાનો છે કે, દિનમણિ શર્માના પિતા મહાસંપત્તિવાન હતા, છતાંય અવતારી અનો કારણના કારણ એવા 'કરુણાનિધાન'ને ઓળખીને તેમનું 'દાસત્વ' સહર્ષ સ્વીકારી સંપ્રદાયની અને સત્સંગની સંપ્રદાયની અને સત્સંગની મોટી સેવા કરી હતી. સ.ગુ. સ્વામી નિત્યાનંદજીને આપણા કોટિ કોટિ જય શ્રી સ્વામિનારાયણ !

# ત્યજી જડતા, થઈએ પ્રભુ-વહાલા

- ડૉ. જગદીશ ધનજી હાલાઈ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને જ્યારથી આ પૃથ્વીનું નિર્માણ કર્યું છે ત્યારથી આજ સુધી આ પૃથ્વીમાં સતત અનેક ફેરફારો થતા રહ્યા છે. જેમાં કુદરતી અને માનવસર્જિત ફેરફારોની પ્રક્રિયા સતત ચાલુ જ હોય છે. આપણે જાણીએ છીએ તેમ આગના ગોળામાંથી જીવસૃષ્ટીને અનુકૂળ પૃથ્વીમાં રૂપાંતરિત થવું એ કુદરતી ફેરફાર છે જ્યારે માનવીએ તેના પર પોતાના સુખ-સગવડ હેતુથી કરેલા ફેરફાર માનવસર્જિત કહેવાય છે. આવા ફેરફારોને પૃથ્વીએ નકાર્યા નથી. ભવિષ્યમાં પણ નકારશે નહીં. અલબત્ત, કુદરતના અફર નિયમોને તોડવાથી જાન-માલની ખૂબ જ નુકસાની વેઠવી પડી છે જે પણ પરમ સત્ય છે. જેમ કે, નદીના વહેણને અવરોધવાથી અવારનવાર જળ હોનારત સર્જાતી હોય છે. આના પરથી એક તારણ નીકળે છે કે, પૃથ્વી આમ તો જડ તત્ત્વ છે. ચેતન નથી. આમ છતાં આ ફેરફારો નકારવાની જડતા દાખવતી નથી ! તો પછી આપણે ચેતનતત્ત્વ હોવા છતાં જડ માનસિકતા કેમ ત્યજી નથી શકતા ?

વહાલા હરિભક્તો ! આપણા સમાજ, પ્રદેશ, રાજ્ય, દેશ અને દુનિયાએ પોતાનો વિકાસ સાધતાં પહેલાં જડતાનો ત્યાગ કર્યો છે. જડતાના ત્યાગ વિના પ્રગતિ સંભવ જ ન બને. આ વાત સમજવા માટે આપણે આપણા સમાજના પૂર્વજોની વાત કરીએ. આપણા બાપ-દાદા માનતા કે, દરિયાને ક્યારેય પાર ન કરાય. પાપ લાગે. સદ્‌ભાગ્યે આપણા બ્રહ્મનિષ્ઠ સંતોએ આપણો આ ભ્રમ તોડતાં સમજાવ્યું કે, દરિયો પાર કરવામાં પાપ નથી. તેમાં શાસ્ત્રોની મર્યાદા લોપાતી નથી. બસ, સંતોના વચને દેશ-વિદેશમાં આવાગમન શરૂ થતાં જ આપણા સમાજના લોકોએ તેના મીઠાં ફળ ચાખ્યા. જે આપણી નજર સામે છે. અલબત્ત, તેમાં સંતો સાથે કરેલો સત્સંગ જ ભાગ ભજવી ગયો. અંગ્રેજો આપણા દેશ પર રાજ કરતા હતા ત્યારે એમના વિષે કહેવાતું કે, બ્રિટીશ રાજનો સૂર્ય કદી આથમતો નથી ! મતલબ સૂરજ જ્યાં આથમતો હોય ત્યાં તો તેમનું રાજ હોય જ પણ સૂરજ જ્યાં ઉગ્યો હોય ત્યાં પણ તેમનું જ રાજ હોય ! આ ક્યારે સંભવ બન્યું ? જ્યારે તેમણે દરિયો ન ઓળંગવાની જડ માનસિકતાનો ત્યાગ કર્યો.

વહાલા હરિભક્તો ! અફસોસ સાથે કહેવું પડે છે કે, આપણા બ્રહ્મનિષ્ઠ સંતોના અનેક પ્રયાસો છતાં અમુક વાતે આપણા સમાજમાં હજુ પણ જડતા જોવા મળે છે. જેમાં કોઈ વ્યક્તિ પ્રત્યે પૂર્વગ્રહ રાખવાની જડતા મુખ્ય છે. જોયા જાણ્યા વિના કોઈ વ્યક્તિ પ્રત્યે સારી-નરસી છાપ બાંધવાથી અંતે તો નુકસાની જ વેઠવી પડે છે. આવી માનસિકતા ઉધઈ જેવી હોય છે. જે સમગ્ર સમાજને કોરી ખાય છે. આપણા સમાજમાં કોઈને ખરાબ બતાવવા કે સામાજિક પ્રવાહથી છૂટો પાડવા છાપવાળા શબ્દ વપરાય છે. છાપવાળા એટલે લોકબોલીમાં કહું તો મેલી દૃષ્ટિવાળા અથવા મેલી છાયાવાળા. હકીકતમાં આવું કશું હોતું જ નથી. જોવા જેવું તો એ છે કે, મોટા ભાગના છાપ વગરના માણસો આવા કહેવાતા છાપવાળા માણસોના સહારે જ રોજબરોજના સામાજિક, આર્થિક કે આરોગ્યલક્ષી વ્યવહારો સુપેરે પાર પાડતા હોય છે ! આવા કહેવાતા છાપવાળા માણસોની મદદથી સમાજમાં કે દરેક ક્ષેત્રે નાનું-મોટું સ્થાન પામ્યા હોય છે. આમ છતાં એવા કહેવાતા છાપવાળા માટે લગ્ન સંબંધે જોડાવવાની વાત આવે તો નાકનું ટેરવું ચડાવી કહેશે કે, એ તો છાપવાળા છે !

એને દિકરી કેમ અપાય અથવા તો એની દિકરી કેમ લેવાય?!

પટેલ ચોવીસીના ગામમાં એક એવી બાઈ છે જેને કોઈ આધાર પુરાવા વિના છાપવાળી બાઈ તરીકે ચિતરવામાં આવી છે. જોવા જેવું તો એ છે કે, જ્યારે નાના બાળકને પેટમાં દુઃખતું હોય (લોકબોલીમાં કહું તો ભૂખિયો પડયો હોય) તો ભૂખિયો ઉતારવા એ બાઈ પાસે પહોંચી જાશે. કેમ કે, એ બાઈ ભૂખિયો ઉતારે તો બાળક ખાતું-પીતું, હરતું-ફરતું થઈ જાય છે. આમ એ બાઈનો લાભ લેવો હોય તો ધસી જાય પરંતુ તેને સામાજિક પ્રવાહમાં જોડવાની વાત આવે તો તેના વિશે ઘસાતું બોલવામાં શરમ ન અનુભવે. તરત કહી દે કે, એ બાઈ તો છાપવાળી છે, ડાકણ છે. મારું માનવું છે કે, એ તો એની હથરોટી છે કે, બાળકોને પળમાં સાજા-નરવા કરી દે છે. એ એનો હુન્નરછે. એ તો કુદરતી બક્ષિષ કહેવાય જે બધાને નથી મળતી. એવો જ એક બીજો દાખલો પણ છે. જેમાં નાના બાળકોને ગળું પડી આવે ત્યારે પ્રખ્યાત ડોકટરો પણ ઉપચાર કરવાનું તો દૂર નિદાન પણ ન કરી શકે. બાળક હાડપિંજર જેવું થઈ જાય. પરંતુ, છાપવાળી બાઈ એવા બાળકોને જોતા જ સચોટ નિદાન સાથે ઉપચાર પણ કરી આપે. બાળકની મા કંઈ બોલે તે પહેલા તો બાળકને સૂવડાવી ચૂલામાંથી રાખ ઉપાડે અને બાળકના પીઠ પર ચોપડીને ટચાકા બોલાવે અથવા ગળામાં આંગળી નાખી પળમાં બિમારી દૂર કરી દે! હજુ પણ એક દાખલો છે, જેમાં આવા છાપવાળા કુટુંબનો દિકરો ભણી-ગણીને ડોકટર બન્યો. સૌને સાજા-નરવા રાખવામાં યોગદાન આપે છે. આમ છતાં જડ માનસિકતા ધરાવતા લોકો તેને છાપવાળાની શ્રેણીમાં મૂકી ઉપેક્ષિત કરે છે.

વહાલા હરિભક્તો! આપણા સમાજમાં આ દૂષણ રાયમંડના સુંદર કપડામાં થિગડાં જેવું છે. સોનાના મુગટમાં લોઢાની મેખ સમાન છે. શાસ્ત્રો કહે છે કે, સર્વનાશનો એક કારણ જડતા છે. આ જડતા ઉખેડી ફેંકવાની શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણા સૌને બળ આપે એવી શ્રીજી મહારાજ પાસે પ્રાર્થના.

---

# દાદાભાઈની સમજણ

- રસિકભાઈ રા. ગોળવિયા,
સુરત વેળાવદરવાળા

સત્સંગમાં જે મોટેરા ભક્તોમાં એક નામ પંચાળા દરબાર ઝીણાભાઈનું આવે અને તેમની સાથે તેમના ભાઈ દાદાભાઈનું પણ નામ લઈએ તો અતિશયોક્તિ ગણાય. આજે જુનાગઢમાં રાધારમણદેવનું મંદિર છે તે જગ્યાજ દાદાભાઈની હતી. અને જ્યારે જ્યારે મહારાજ જુનાગઢમાં પધાર્યા છે ત્યારે ત્યારે ઝીણાભાઈની સાથે કાયમ દાદાભાઈ મહારાજની સેવા કરવામાં રાજી કરવામાં રાજી કરવામાં અગ્રેસર રહી પોતાના દિવાનખાનામાં મહારાજને રાખી રાજી કર્યા છે. આવા દાદાભાઈ જ્યારે મહારાજ પ્રથમ જુનાગઢ પધાર્યા ત્યારે દાદાભાઈની ફુલવાડી કહેવાતી ત્યાં પધાર્યા અને ઉતારો કર્યો ત્યારે દાદાભાઈ બહુ જ રાજી થયા અને બોલેલા હે પ્રભુ આ ભવન આપનું જ છે. આપ અહીં

જ્યારે (જુનાગઢમાં) પધારો ત્યારે ત્યારે અહીંજ ઉતારો કરવો આજે જે કાંઈ અમારા ઘરબાર જે કાંઈ આપ્યું છએ તે આપે જ દયા કરીને અમોને આપ્યું છે. તે આપનું જ છે તેમ અમો માનીએ છીએ. અમારી આ ફુલવાડી છે તે હવેપછી આપની જ છે તેમ (ખરેખર મહારાજની જ થઈ કારણ કે તે ભુધરા ઉપર આજે મંદિર ઉભું છે)માન્યો. એવું અમારું રૂડું ભાગ્ય ક્યાંથી હોય ? કે આ બધું આપના ઉપયોગમાં આવે ? (જો કે કહેવુ કરવું બોલવું અને આપવું ધરવું માનવું બહુ જ કઠણ છે). આ જીવ જ્યાં જ્યાં જન્મ પામે છે અને ત્યાં જે કાંઈ સુખ સંપત્તિ મળે છે. તે બધુ જ આપનું જ આપેલું હોય છે. એમ અમે માનીએ છીએ. અનંત કોટી બ્રહ્માંડ આપનું જ છે તો અમોને આપેલું તે આપનું જ હોય. આ બધી સુખસંપત્તિ મારી છે એમ જીવ જ્યાં સુધી માને છે ત્યાં સુધી આપ તેનાથી દુર રહો છો. આવી વાતોને સમજીએ છીએ.

હે પ્રભુ ! આગળ નમ્ર ભાવે દાદાભાઈ મહારાજ પ્રતિ બોલતા કહે છે કે અને આપના કહેલા પાંચ નિયમો પાંચ વર્તમાન જ પાળીએ છીએ. શાસ્ત્રોમાં આપના કહેલા અનેક નિયમો છે અપાર છે તે બધા જ અમો પાળી શકતા નથી. જે પાળે છે તેને ધન્યવાદ છે નમન છે. પણ અમોતો આપને અમારો વિચાર કહીએ છીએ. આકાશ તો અપાર છે પક્ષીની પાંખમાં જેટલું જોર હોય તેટલું ઊડે. આવી અમારી સ્થિતિ છે જેટલા નિયમો પાળી શકાય તેટલા પાળીએ છીએ અને ન પાળી શકીએ તે માટે અમો આપના ગુનેગાર છીએ. ક્યારેય અમો આપના ગુનામાંથી છુટી શકીએ તેમ નથી અને અમેએ એક નિર્ધાર રાખ્યો છે કે આપ અને આપના વચનો અપાર છે. જેટલી અમારી શક્તિ તેટલા આપના નિયમો અને વચનો પાળીશું. તેમા પાછો પગ રાખીશું નહીં. બાકી જે રહી જાય તેમાં આપે મદદ કરવાની છે.

પછી દાદાભાઈના મુખેં આ વાત સાંભળી મહારાજ મંદમંદ હસ્યા અને દઢતાથી કોલ આપ્યો જે ભક્ત મારાથી અધિક બીજા સાધનને માનતો નથી. તેને બધા જ સાધન પુરા થઈ ગયા છે તેને પછી બીજા સાધન કરવાના બાકી રહેતા નથી. તમારે કરવાના સાધન જેટલા અધુરા રહેશે તેને તો સંતો રૂપી જહાંજ છે તે પુરા કરશે. આવો મહારાજે રાજી થઈ કોલ આપ્યો અને કહ્યું કે, પછી જહાજમાં બેઠા પછી બેસનારાને નમ્ર બળકરવું. પડતું નથી. શ્રમ તો તે જહાજ જ કરે છે તેમ અમારા મોટા સંતો છે તે જહાજરૂપ બન્યા છે.

તેટલી વાતો કરી જમવાનું તૈયાર થયું મહારાજ જમવા પધાર્યા ત્યાં દાદાભાઈને બોલાવી મહારાજે રસોઈ પ્રસાદના વખાણ કર્યા અને બ્રહ્મચારી દ્વારા પ્રસાદીનો થાળ દાદાભાઈને આપ્યો રાજી કર્યા અને મહારાજ બોલ્યા આ પ્રસાદી (દાદાભાઈ) તમો એક જ જમ્યો. વારેવારે આવો જોગ આવે નહીં. આમા દયાળુતાથી બધાને પ્રસાદનો ભાગ પાડી વહેંચી દેવો નહીં તમોને પ્રસાદ મળ્યો છે તો સંતે કહે તેમ પ્રસાદનો લોભ રાખવો ત્યારે દાદાભાઈ એટલા જો ડાહ્યા અને હોશિયાર હતા તેથી મહારાજે કહે આપે આજ્ઞા કરી છે તેમજ કરીશ આ બાબતમાં ઉમા અને મહર્શને પ્રસાદ બાબત કલેશ થયો તેમ થાય (ત્યારે શ્રીહરિની રજા લઈ લીધી કે ઘરવાળાને અર્ધોગતિને પ્રસાદ આપવો પડશે). ત્યારે મહારાજ કહે અમારી આજ્ઞા પાળવી આજ્ઞા પાળવા જતા જેનાથી દુઃખ થાય તેટલું છોડી દેવું. સુખ થાય તેવું કરવું મહારાજ કહે અમારે તો તમોને સુખી કરવાનું જ એક તાન છે. આમ દાદાભાઈ ઘણાં જ બુધ્ધિશાળી, સમજુ હતા. મહારાજની આજ્ઞા, વચન ક્યારેય લગારે છોડતા નહીં.

# ગાય માતાનું સ્વરૂપ

- જાદવા આર., માનકુવા

ભારતીય વેદ, પુરાણો અને શાસ્ત્રોમાંએ ચારનું મહાત્મય વ્યવસ્થિત રીતો જોઈ શકીએ છીએ. પરંતુ અહીં આ ચાર અંતર્ગત કેવલ ગાયની મહાનતા વિશેષ જોઈએ તો ઉત્તર ભારતમાં એક ગામમાં રાજા પ્રતાપ ખૂબ જ સુખી હતો. તેને એકવાર વ્રત કર્યું હતું. તેના વ્રતની સમાત્રીમાં તે રાજાએ વિચાર્યું કે કોઈ બાદમાગને ગાય માતાનું દાન કરવું તે રાજાના રાજ્યમાં જે ખૂબ ગરીબ બ્રાહ્મણ તે બ્રાહ્મણને ગાયનું દાન આપ્યું.

બ્રાહ્મણ ખૂબ જ ગરીબ હતો. તેના કુટુંબમાં બ્રાહ્મણ પોતે તેની પત્ની અને ૬-૭ બાળકો હતા. આ બ્રાહ્મણને રાજાએ ગાય માતાનું દાન કર્યું. બ્રાહ્મણ ગરીબ હોવા છતાં પણ ગાયનું પાલન-પોષણ કરતો. ગાયનું દૂધ થોડું ઓછું હોય તો દૂધ કોઈકને વેચે નહીં. પોતાના બાળકોને પીવડાવતો. પોતાના માટે અન્નપણ ખાવા જેટલું ન હોવાં છતાં પણ તે ગાય માતાની ખૂબ ચાકરી કરતો.



એક વાક તેના ગામનો વેપારી બ્રાહ્મણ પોતાની સાથે વિદેશ કમાવા સારું લઈ જાય છે. ત્યાં બ્રાહ્મણ કામ કરે છે. અને તેની પત્ની ઘરકામ કરીને બાળકોનું પાલન-પોષણ કરતી અને ગાયનું પણ બાળકની જેમ જ પાલન પોષણ કરતી. આટલી નબળી પરિસ્થિતિ હોવા છતાં પણ તે ગાય અને બાળકને સારી રીતે સાચવતી.

એક વખત બ્રાહ્મણી ઘરકામ કરતી હતી.

ભગવાન દરેક મનુષ્ય માટે ધર્મ નક્કી કરેલ છે. દરેક વ્યક્તિને તેને અનુસારવું અત્યંત આવશ્યક છે. ક્યારેક લોભ, કામ અને મોહને વશ થઈ સ્વધર્મનો અને ભગવાનો નક્કી કરેલા ધર્મનો ત્યાગ કરી અધર્મનું આચરણ કરીયે છે. જો વ્યક્તિ શાસ્ત્રો કહેલ સ્વધર્મનું આચરણ કરે તો તે પોતાનું અને પોતાના કટુંબીઓનું તેમજ સમગ્ર સમાજનું કલ્યાણ કરી શકે છે. અને જો મનુષ્ય લાલચને વશ થઈને સ્વધર્મનો ત્યાગ કરે છે તો તેના આ કુકર્મથી પોતાનું અને સ્વજનોનું પણ અહિત કરે છે.

સનાતન ધર્મમાં સંત, બ્રાહ્મણ, ગાય અને ગરીબને વિશેષ ગણવામાં આવ્યા છે. સર્વ ધર્મોમાં આચારનું કાંઈક વિશેષ રીતે ગુણોનું વર્ણન કરેલ છે.

પાણી ભરવા માટે તળાવે જાય છે. ત્યાં વૃક્ષ પાસે સાપનું દર હતું. એ વાતની બ્રાહ્મણીને ખબર ન હતી. આથી તેનો પગ સાપના પૂછડે અડી જાય છે. અને સાપ ક્રોધ કરીને બ્રાહ્મણીને પગમાં ડંશ મારે છે. આથી બ્રાહ્મણીનું મૃત્યુ થઈ જાય છે.

બ્રાહ્મણીનું અચાનક મૃત્યુ થતાં બ્રાહ્મણ વિદેશથી પાછો આવે છે. બાળકો માતા વગરના બની જાય છે. ગાય પણ આ વાતથી ખૂબ જ દુઃખી થઈ જાય છે. આમ અચાનક પત્નીનું મૃત્યુ થતાં બ્રાહ્મણ નિરાશ ન થયો તે બાળકો અને ગાયની સારી રીતે સેવા કરે છે.

ગાય માતા બ્રાહ્મણની આવી સ્થિતિ જોઈને જંગલમાં ઘાસ ચરવા માટે જાય છે. ત્યાં ગાયને વિચાર આવે છે. આવી નબળી પરિસ્થિતિ હોવા છતાં પણ બ્રાહ્મણ મારી સારી સેવા કરે છે. તો મને પણ તેના બાળકોની માતા બનીને બાળકોની પાલન પોષણ કરવું જોઈએ.

આથી ગાય માતા જંગલમાં જઈને લીલું ઘાસ ખાઈને રોજ ઘરે આવતી દિવસે જતા ગાયનું દૂધ સારું થવા લાગ્યું. ગાયનું દૂધ વેચીને અન્ન અને ઘાસ લે છે. ગાય પણ માતાની જેમ બાળકો ઉપર વાત્સલ્ય ભાવ વરસાવે છે. અને માતાની જેમ પ્રેમ પણ આપે છે.

બાળકો તેનું દૂધ પીને ખૂબ જ સ્વસ્થ બને છે. અને ગાયનું દૂધ વેચીને બ્રાહ્મણ ગરીબીપણું દૂર થાય છે. ગાયનો બાળકો પ્રત્યે માતા જેવો ભાવ જોઈ ખૂબ સારી રીતે બાળકો પણ તેની સેવા કરતા.

બાળકો મોટા થાય છે. ત્યારે ગાય માતાનું અને પિતાજીનું ઘડપણ આવી જાય છે. છતાં દિકરા ગાય વેચતા નથી. તેઓ તેની ઘડપણમાં સેવા કરે છે. આથી ગાય માતા તેમને અંતરથી આશીર્વાદ આપે છે.

બાળકો જ્યારે મોટા થાય છે ત્યારે બાળકો પોતાના ઘરમાં પણ બીજી ગાય રાખે છે. અને તેની સેવા ચાકરી કરે છે. તેઓને ગાયમાતાનું મહત્ત્વ સમજાણું હતું. માટે ગાય રાખી.

વાચકો ! આપણે પણ ગાય માતાનું મહત્ત્વ સમજી વિચારીએ. આપણે તો ભગવાને સારા પૈસા, ખેતી, વાડી આપી છે છતાં આપણે પણ એકાદ ગાય તો રાખીએ અને પરિવારને સ્વસ્થ બનાવીએ.

## શિક્ષાપત્રી

શિક્ષાપત્રી, સત્યની જંત્રી,
જીવન જીવવાનો અનુપમ સાર,
શ્રીજી પ્રભુની અમૃત વાણી,
ઉતારે જે ભવસાગર પાર.
શિક્ષાપત્રીનો એક એક મણકો,
સત્ય અહિંસાનો નિકળે રણકો.
નિત્ય પઠન કરવાનો સાર,
પાપીઓનો પણ કરે ઉધ્ધાર.
શિક્ષાપત્રી છે એવો ગ્રંથ,
કાપવા ભાવસાગરનો પંથ.
કામ ક્રોધનું શમન કરે,
દુઃખ હારિદ્રને સંકટ હરે.
શ્રીજી સન્મુખ બેસી સંત,
પાઠ કરે રાખીને ખંત.
થાય શ્રીજીનો સાક્ષાતકાર,
''અલ્પ'' મટે જીવન ઘટમાળ.

- મુકુન્દ કે. મહેતા, આદીપુર

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## માગશર સુદ ૧૧ના એકાદશીના દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓની નામાવલિ

- પ.ભ. અ.નિ. મગનલાલ જીવણલાલ ચૌહાણ ધ.પ. હરિગંગાબેન મગનલાલ ચૌહાણ - બાગલકોટ
- પ.ભ. રૂષીલભાઈ અશ્વીન વરસાણી - સામત્રા
- પ.ભ. ધ્રુપદકુમાર વસંતલાલ દેવજી પિંડોરીયા - નારણપર ઉ.વાસ
- પ.ભ. અ.નિ. ધનજીભાઈ કરશન મુખી હસ્તે સાં.યો. જશોદાબેન - સાંખલા, દોલતપર
- પ.ભ. રામબાઈ અરજણ વાઘજીયાણી
- પ.ભ. વિશ્રામભાઈ દેવશીભાઈ હાલાઈ - મેઘપર
- પ.ભ. હરીશભાઈ વેલજી હીરાણી ધ.પ. નીતાબેન હરીશ હીરાણી હ. મહંત સાં.યો. શામબાઈ ફઈ
- પ.ભ. અલ્પેશભાઈ હરજી વેકરીયા હ. મહંત સાં.યો. સામબાઈ ફઈ
- પ.ભ. અ.નિ. દિનેશભાઈ વાલજી હીરાણી હ. મહંત સાં.યો. સામબાઈ ફઈ
- પ.ભ. રવજીભાઈ અરજણ ગોરસીયા હ. મહંત સાં.યો સામબાઈ ફઈ - સુખપર
- પ.ભ. પ્રેમબાઈ કાનજી કલ્યાણ પાધરા હ. કાનજી કલ્યાણ - સુખપર
- પ.ભ. પુનિતાબેન સંજય પટેલ-શીકાગો, રંગપુર
- પ.ભ. મુકેશભાઈ અરજણ હાલાઈ - સુરજપર
- પ.ભ. હિતેશભાઈ જાદવા પીંડોરીયા - નારાણપર
- પ.ભ. અમિતભાઈ ભરતભાઈ પટેલ હ. જયેશભાઈ પટેલ - અમદાવાદ
- પ.ભ. જશુબેન પ્રવિણ ગોરસીયા - મીરજાપર
- પ.ભ. કલ્પેશભાઈ વિશ્રામ રાબડીયા. ધ.પ. હંસાબેન હ. સાં.યો. નીતાબેન
- પ.ભ. પ્રેમબાઈ રામજી હીરાણી હ. રામજી કાનજી તથા સુત અશોક તથા કિશોર - ભક્તિનગર
- પ.ભ. દિપકભાઈ અરજણ વરસાણી - ભારાસર
- પ.ભ. વ્રજલાલભાઈ વેલજીભાઈ ઠક્કર સહ પરિવાર હ. સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજી - ભુજ
- પ.ભ. જયેશભાઈ શામજી રૂપાલીયા હ. શામજી મુળજી - મદનપુર
- પ.ભ. ક્રિષ્નાબેન કાનજી સેંઘાણી હ. ધનજી દેવજી તથા ભાવેશ લાલજી પિંડોરીયા - નારાણપર ઉ.વાસ
- પ.ભ. રતીલાલભાઈ મુળજી ગોગારી હ. જીતેશ રતીલાલ ગોગારીના જન્મદિવસ પ્રસંગે - રવાપર હાલે મુંબઈ
- પ.ભ. કાનજીભાઈ રામજી પીંડોરીયા હ. દીકરી ભુમિકાના લગ્નપ્રસંગે - સરલી
- સાં.યો. પ્રેમબાઈ વાલજી લાછાણી હ. વીરજી કરસન મેપાણી - માધાપર
- પ.ભ. વેદભાઈ મનજી હાલાઈ - માંડવી
- પ.ભ. ઉત્પલભાઈ સુરેશ હાલાઈ હ. સ્વામી વેદપ્રકાશદાસજી - નાગલપુર માંડવી
- પ.ભ. માવજીભાઈ કરસન ભુડીયા હ. કરસન કાનજી ભુડીયા - ફોટડી
- પ.ભ. હિતેશભાઈ ગામી હ. કલ્પના દિનેશ હીરાણી - ભુજ
- પ.ભ. દિનેશભાઈ કેશરા હીરાણી - સુખપર રોહા હાલે ભુજ
- પ.ભ. કલ્પનાબેન દિનેશ હીરાણી - સુખપર રોહા હાલે ભુજ

પ.ભ. લક્ષ્મીબેન પ્રેમજી કેરાઈ - માંડવી

- પ.ભ. ક્રિસકુમાર મુકેશ હીરાણી - નાઈરોબી, ફોટડી
- પ.ભ. મનજીભાઈ દેવજી રાબડીયા - મીરજાપર
- પ.ભ. કાનજીભાઈ વિશ્રામ ભુવા - સુખપર
- પ.ભ. મિલનભાઈ રમેશ ખીમજી વેલજી પીંડોરીયા હ. સ્વામી દેવજીવનદાસજી - કમ્પાલા
- પ.ભ. લલીતાબેન ભીમજી ભુડીયા
- પ.ભ. રામજીભાઈ કુંવરજી કેરાઈ - નારાણપર
- પ.ભ. દેવરાજભાઈ નાનજી કારા - રામપર
- પ.ભ. વેલુબેન દેવશી હીરાણી - સુખપર રોહા
- પ.ભ. રાજેશભાઈ ધનજીભાઈ ગોગારી - સુરત
- પ.ભ. નારણભાઈ લાલજી રાબડીયા - સરલી
- પ.ભ. રજેશભાઈ લખમણ પિંડોરીયા - વેકરા
- પ.ભ. સંતોકબેન વીરજી પાંચાણી - દહિંસરા
- પ.ભ. સિમોની યોગેશભાઈ પટેલ - સાવલી
- પ.ભ. હીરબાઈ અરવિંદ હીરાણી - માંડવી
- પ.ભ. અ.નિ. કેશરબાઈ ખીમજી શામજી ભુડીયા હ. મનસુખ ખીમજી ભુડીયા
- પ.ભ. મુળજીભાઈ લક્ષ્મણ કેરાઈ હ. સ્વામી નીલકંઠસ્વરૂપદાસજી - રામપર
- પ.ભ. રજેન્દ્રભાઈ શામજી ભુવા હ. સાં.યો. શામબાઈ લાલજી ભુવા - કેરા હાલે નાઈરોબી
- પ.ભ. વંશિતભાઈ પ્રકાશ કેરાઈ - રામપર
- પ.ભ. હરજીભાઈ ખીમજી ગોરસીયા
- પ.ભ. નટવરલાલ ગંગારામ સદાણી સુપુત્ર જયેન્દુના લગ્ન પ્રસંગે વૈદરાજ જંયતીલાલ ગંગારામ સદાણી હ. સ્વામી હરિનારાયણદાસજી
- પ.ભ. શીવજીભાઈ લાલજી વેકરીયા - માંડવી
- પ.ભ. ગોપાલભાઈ દેવજી પીંડોરીયા - નારાણપર ઉ.વાસ
- પ.ભ. શૈલેષભાઈ હરપાલભાઈ - રાપર
- પ.ભ. ધનજીભાઈ નારણ વાઘજીયાણી - સુખપર
- પ.ભ. કમળાબેન શીવલાલ સોની હ. અવનિશ સોની
- પ.ભ. રામબાઈ કુરજી વેકરીયા - નારાણપર ઉ.વાસ
- પ.ભ. ગોવિંદભાઈ હરજી ભુડીયા - માનકુવા
- પ.ભ. ભરતભાઈ નારણ વેકરીયા - માંડવી
- પ.ભ. દિનેશભાઈ જાદવજી વરસાણી ધ.પ. દક્ષાબેન - સામત્રા
- પ.ભ. પ્રવિણભાઈ અરજણ હાલાઈ - સુરજપર
- મહંત સાં.યો. સામબાઈ અરજણ હીરાણીના જન્મદિવસ પ્રસંગે
- પ.ભ. માવજીભાઈ કાનજી કેરાઈ હ. સ્વામી મુનિશ્વરદાસજી - નારાણપર હાલે નૈરોબી
- પ.ભ. રાજેન્દ્રભાઈ કેશરા ભુડીયા - ભક્તિનગર (શીશલ્સ)
- પ.ભ. કલ્યાણભાઈ પ્રેમજી રાબડીયા હ. લાલજીભાઈ - બળદીયા ની.વાસ
- પ.ભ. પ્રેમકુમાર રમેશભાઈ વિશ્રામ ખેતાણી - મદનપુર
- પ.ભ. અરજણભાઈ દેવજી કેરાઈ - રામપર
- પ.ભ. કાનજીભાઈ જાદવા વેકરીયા - માધાપર
- પ.ભ. લાલજીભાઈ ધનજી જેસાણી - દહીંસરા
- પ.ભ. અ.નિ. ગુલાબશંકર આમરજી ગોર હ. દિનેશભાઈ તથા જીતેશભાઈ - ભુજ
- પ.ભ. પ્રિતેશભાઈ જાદવજી - નારાણપર
- પ.ભ. હીરેનભાઈ મહેન્દ્રભાઈ સોની હ. સ્વામી દેવકૃષ્ણદાસજી તથા સ.ગુ. સ્વામી જગતપાવનદાસજી - ભુજ
- પ.ભ. નીતાબેન સુર્યકાન્ત પાટડીયા - ભુજ

### શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર યજમાનશ્રીઓ

- પ.ભ. દેવબાઈ મનજી ભુવા હ. સાં.યો. નાનબાઈ - કેરા
- સાં.યો. રતનબાઈ દેવજી ભુડીયા પૂ. ગાદીવાલાએ પૂજા કરી - કેરા

પ.ભ. વિશ્રામભાઈ ખીમજી વેલાણી હ. અનિલ વિશ્રામ વેલાણી - સુખપર
- પ.ભ. અ.નિ. દિનેશભાઈ વાલજી હિરાણી હ. વાલજી કુંવરજી હીરાણી હ. સાં.યો. શાન્તાબેન
- પ.ભ. બિમલભાઈ શીવજી વરસાણી હ. સાં.યો. નીતાબેન - મદનપુર
- પ.ભ. વેલજીભાઈ રૂડા કેરાઈ - માનકુવા
- પ.ભ. અ.નિ. ધનજીભાઈ નારાણ વરસાણી હ. ધ.પ. ગં.સ્વ. રતનબાઈ પુત્ર ખીમજીભાઈ - સામત્રા

## ગૌમાતાના લાભાર્થે શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણ

મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી તેમજ કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગત આદિ વડીલ સંતોની આજ્ઞા અને આશીર્વાદથી તીર્થધામ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજમાં ગૌ માતાના ચારા માટે તથા અક્ષરનિવાસી સ.ગુ. સંતોના સ્મણાર્થે ભુજ શ્રી નરનારાયણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ આદિ દેવોના સાંનિધ્યમાં શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણ તા. ૨૬-૧૧-૨૦૧૪ થી તા. ૩૦-૧૧-૧૪ સુધી યોજવામાં આવેલ હતો.

પ્રથમ દિવસે સવારે શ્રી નરનારાયણદેવ નિજ મંદિરમાંથી પોથીઓનું પૂજન કરી ઢોલ, શરણાઈના સુરો સાથે પોથીયાત્રા મંદિરના પરિસરમાં બાંધેલ મંડપમાં સ્થાપન કરવામાં આવેલ. વક્તાશ્રી સ્વામી ભક્તવત્સલદાસજીનું યજમાનોએ પૂજન કરેલ. ત્યારબાદ આરતી કરવામાં આવેલ. તેમજ બાઈઓના વિભાગમાં મહંત સાં.યો. સામબાઈ ફઈ સાથે બહેનોએ આરતીનો લાભ લીધેલ. ગાયોના લાભાર્થે કેરા, નારાણપર, મદનપુરની સાં.યો. બહેનોએ યજમાન પદે રહેલ હતા.

બીજા દિવસે બપોરપછી કૃષ્ણજન્મ તેમજ રામ જન્મ ઉજવવામાં આવેલ હતો. સાંજે ૫:૩૦ વાગે કૃષ્ણ જન્મ થયેલ. શ્રી સહજાનંદ ગુરુકુળ માનકુવાના વિદ્યાર્થીઓ સુંદર વેષભુષામાં ગોવાડીયા બનીને વાજીંત્રો વગાડતા સભા મંડપમાં આવ્યા હતા. તે સમયે સંતોએ હરિભક્તો ઉપર પુષ્પ વરસા કરી આનંદ ઉત્સાહ સાથે ઠાકોરજીને પારણામાં પ્રથમ મહંત સ્વામીએ ઝુલાવેલ ત્યારબાદ યજમાનો તથા સંતોએ લાભ લીધેલ. ત્યારબાદ રાસ રમવામાં આવેલ જેમાં યજમાનો તેમજ યુવાન સંતોએ ભાગ લીધેલ. તેમજ બહેનો વિભાગમાં પણ રાસ રમવામાં આવેલ. શ્રી સહજાનંદ ગુરુકુળના વિદ્યાર્થીઓ સાથે મંડપમાં સુંદર રાસ રમ્યા હતા.

તા. ૨૮-૧૧-૧૪ના સવારની કથામાં સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા અન્ય સંતો સાથે વિદેશનો પ્રવાસ કરીને આજે પરત આવેલ તેમનું મહંત સ્વામીએ હાર પહેરાવીને સ્વાગત સન્માન કરેલ. આ પ્રસંગે સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તેમજ અન્ય સંતોએ વિદેશના હરિભક્તો સાથે કરેલ સત્સંગ અંગેની વિગતવાર માહિતી આપેલ. દીકરીઓના શિક્ષણ માટે ઊભું થનારું સંકુલ અંગેના પ્રચાર અર્થે ગયેલ હરિભક્તો તરફથી ઘણો જ સારો સહકાર મળેલ.

તા. ૨૯-૧૧-૧૪ના કથામાં બાઈઓના મંદિરમાંથી મહંત સાં.યો. સામબાઈ ફઈના આશીર્વાદ તથા માર્ગદર્શન હેઠળ સામૈયા સાથે યજમાન સાં.યો. બહેનો કેરા, મદનપુર, નારણપરના ગામના ભાઈ-બહેનો મોશાળાની છાબ લઈને સભામંડપમાં લાવેલ. સભામાં બેઠેલ હરિભક્તોએ સંતો તથા સાં.યો. બહેનોની પ્રેરણાથી ગાયોના ચારા માટે દાનની રકમ આપેલ.

તા. ૩૦-૧૧-૧૪ના પૂર્ણાહુતિના દિવસે સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ આશીર્વચનમાં

જણાવેલ કે મહંત સાં.યો. સામબાઈ ફઈની પ્રેરણાથી ફુલવાડીની કથા મંદિરમાં યોજવામાં આવેલ. ત્રણે ગામની સાં.યો. બહેનોએ ગાયમાતા માટે આ કથા કરાવી તે બદલ આશીર્વાદ આપેલ. જણાવેલ કે ગઈ સાલે વરસાદ ન હોવાથી શ્રી સ્વામિનારાયણ મંદિરે ગાયો માટે સંતો તથા હરિભક્તો સાથે ખુબ જ સેવા કરી હતી. ફરીથી આ વરસે પુરતો વરસાદ ન થવાથી ઘાસ તથા પાણી માટે વ્યવસ્થા કરવી પડશે. બાઈઓ તથા ભાઈઓએ ગાયો માટે દાન આપી સેવા કરી છે. ત્યારબાદ કથામાં યજમાનશ્રીઓને પહેરામણી આપવામાં આવી હતી. કથાની પૂર્ણાહુતિના દિવસે કેરા, મદનપુર, નારણપરની સાં.યો. બહેનોએ કથાનું આયોજન કરેલ તે બદલ આશીર્વાદ આપેલ. હાલે ગાયોની પરિસ્થિતિ ઘણી જ ખરાબ છે. દુષ્કાળના કારણે ગાયોની સેવા મંદિર કરશે. અત્યારે મંદિરની ગૌશાળામાં ૯૦૦ ગાયોની સેવા કરવામાં આવે છે.

ગયા વર્ષે પણ મંદિરે સેવા કરેલ હતી. સંતો ગાયોની સેવા માટે હમણાંથી તૈયારી કરી રહેલ છે. નાના સંતો પણ આ કામ માટે મહેનત કરે છે. ગયે વર્ષે પણ સંતો કચ્છમાં જ્યાં જરૂર જણાઈ ત્યાં રૂબરૂ જઈને સેવા કરેલ. સાં.યો. બહેનોએ પણ ખુબ જ સેવા કરેલ. આવી સેવા કરતા રહેશો.

ગૌ માતાના લાભાર્થે શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણમાં વક્તાશ્રી શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, શા. સ્વામી ભક્તવત્સલદાસજી તેમજ શા. સ્વામી શૌનકમુનિદાસજીએ સુંદર રીતે ભાગવતનું રસપાન કરાવેલ. સંગીતની સુમધુર સુરાવલિઓ સાથે સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજી સ્વામીએ વાતાવરણ ભક્તિસંગીતમય બનાવેલું તેઓને તબલાવાદક સ્વામી નીલકંઠસ્વરૂપદાસજીએ સુંદર સાથ આપેલ. સભા સંચાલક સ્વામી ઉત્તમચરણદાસજીએ સુંદર રીતે કરેલ.

## ભુજ મંદિરે શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણ યોજવામાં આવેલ

મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણા અને આશીર્વાદથી અ.નિ. ભવાનભાઈ અરજણ ચાવડા અને અ.નિ. નર્મદાબેન ભવાનભાઈ ચાવડાના મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત પારાયણ તા. ૮-૧૧-૧૪ થી તા. ૧૨-૧૧-૧૪ સુધી મંદિરના પટ આંગણામાં સુંદર મંડપ બાંધી યોજવામાં આવેલ. જેના યજમાનપદે પ.ભ. શ્રી પ્રવીણભાઈ બી. ચાવડા, ધ.પ. સરસ્વતીબેન, પ.ભ. હસમુખભાઈ બી. ચાવડા. ધ.પ. કુંદનબેન, પ.ભ. શાંતિલાલ બી. ચાવડા ધ.પ. દક્ષાબેન, પ.ભ. બિપીનભાઈ બી. ચાવડા ધ.પ. ભાવનાબેન તથા સમસ્ત ચાવડા પરિવાર રહ્યા હતા. આ કથામાં વક્તા શા. સ્વામી નારાયણપ્રિયદાસજી, શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ શ્રીમદ્ ભાગવત પારાયણનું વાંચન કરેલ. તેઓએ સરળ ભાષામાં ભાગવતનું વર્ણન કરીને હરિભક્તોને રાજી કરેલ. દરરોજ મુખ્ય યજમાન તરફથી આમંત્રણને માન આપી પધારેલ મહેમાનોને મહંત સ્વામી હારતોરાથી સ્વાગત કરેલ. આ પ્રસંગે પ્રથમ દિવસે પોથીયાત્રા સભામંડપમાં લાવવામાં આવેલ. કથા પ્રસંગમાં આવતા રામ જન્મોત્સવ, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, રૂક્ષ્મણી વિવાહ ધામધૂમથી ઉજવવામાં આવેલ હતા. તેમજ ૧૨-૧૧-૧૪ના મહાવિષ્ણુયાગ યોજવામાં આવેલ. કથાવાર્તા દરરોજ હરિભક્તો તેમજ સાં.યો. બહેનો તથા યજમાન તથા તેમના આવેલ મહેમાનોએ લાભ લીધેલ હતો. કથાના છેલ્લા દિવસે મહંત સ્વામીએ યજમાનોને આશીર્વાદ આપેલ. દરરોજ કથાના બપોરપછીના સત્રમાં જુદા જુદા સંતોના આશીર્વચનનો લાભ આપવામાં આવેલ હતો.

આ પ્રસંગે સંગીતકાર સ્લામી શ્રીજીનંદનદાસજી અને તબલાવાદક સ્વામી નીલકંઠસ્વરૂપદાસજીએ સાથ આપેલ હતો.

અહેવાલ :- પ્રાણલાલભાઈ ગોર

# સત્સંગ સમાચાર

## શ્રી સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટીટ્યુટ (કોલેજ) ઉદ્‌ઘાટન સમારોહ ૨૦૧૪

શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રાયોજિત શ્રી સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટીટ્યુટ કોલેજ બીલ્ડીંગનો ત્રિદિવસીય ઉદ્‌ઘાટન મહોત્સવ, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પૂ. મહંત સ્વામી આદી વડીલ સંતો, દેશ-વિદેશના દાતાશ્રીઓ હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં ભક્તિભાવ સાથે ધામધૂમથી ઉજવાયો.

દીપ પ્રાગટ્ય સાથે મહોત્સવ પ્રારંભના સત્રમાં સંસ્થા દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ સુવેનીયરનું વિમોચન દાતાશ્રીઓ, ટ્રસ્ટીગણ અને પૂજ્ય મહંત સ્વામી આદી વડીલ સંતોના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

સભા સંચાલક શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ મહોત્સવના પ્રથમ સત્રમાં સંસ્થાની શરૂઆતથી દીકરીઓએ વિવિધક્ષેત્રે મેળવેલ સિધ્ધિઓની માહિતી આપી હતી. અને આવેલ મહેમાનોનું અભિવાદનને સ્વાગત કર્યું હતું. સંસ્થાના મંત્રીશ્રી પ્રવિણભાઈ પીંડોરીયા દ્વારા મહેમાનોનો પરિચય આપવામાં આવ્યો હતો. મહેમાનોમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, જિલ્લા માધ્યમિક શિક્ષણ અધિકારીશ્રી, કચ્છ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરશ્રી, રજીસ્ટ્રાર તથા એચ.ઓ.ડી વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તથા રાજદ્વારેથી મંત્રીશ્રી તારાચંદભાઈ છેડા, ધારાસભ્યશ્રી નીમાબેન આચાર્ય તથા અન્ય મહાનુભાવો પણ પધાર્યા હતા.

પ્રથમ દિવસના દ્વિતીય સત્રમાં ભુજ બહેનોના મંદિરનાં મહંત સાં.યો. સામબાઈ ફઈની અધ્યક્ષતામાં મળેલ(મહિલા મંચ) પ્રોગ્રામમાં અલગ અલગ ગામોનાં વિદ્વાન સાંખ્યયોગી બહેનો દ્વારા સંસ્થાની દીકરીઓ અને વાલીઓને સત્સંગ, સંસ્કાર તથા શિક્ષણને લગતા વિષયો પર પ્રવચનો આપવામાં આવ્યા હતા. અને સંસ્થાની દીકરીઓએ ધાર્મિક અને સંસ્કારયુક્ત સાંસ્કૃતિક કાર્યક્રમની ભવ્ય રજૂઆત કરીને પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા.

પ્રથમ દિવસે રાત્રી કાર્યક્રમમાં બહેનો દ્વારા ભવ્ય રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું આ રાસોત્સવ રમઝટમાં દીકરીઓ અને વાલીઓએ ભક્તિભાવ સાથે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

બીજા દિવસના પ્રથમ સત્રમાં દાતાશ્રીઓ તથા આવેલ વિશેષ અતિથિઓનું સન્માન કરવામાં આવ્યું હતું. અને બપોરપછીના સત્રમાં ભવ્ય નગરયાત્રા સાથે પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજનું આગમન થયું હતું. મહારાજશ્રી અને મહંત સ્વામીના વરદ્ હસ્તે મુખ્ય દાતાશ્રીઓ તથા વિશેષ મહેમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. અને રાત્રે પ્રખર પ્રવક્તાશ્રી અશ્વીનભાઈ જોષી દ્વારા ''દીકરી વ્હાલનો દરિયો'' પ્રોગ્રામ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં દીકરીઓ વાલીઓને અતિ ઉત્સાહિત કરી અસરકર્તા ઉપયોગી ભલામણ કરી હતી.

ત્રીજા દિવસના સવારના સત્રમાં કોઠારી પાર્ષદ જાદવજી ભગતે પોતાનું મંતવ્ય જણાવતાં કહ્યું હતું કે સત્સંગીઓ દ્વારા જે દાન મળેલ છે તેનો પૂરેપૂરો સદ્ઉપયોગ થયો છે. અને ભવિષ્યમાં પણ સત્સંગીઓની દીકરીઓ-દીકરાઓ માટે એનો

ઉપયોગ થતો રહેશે એવી ખાતરી સાથે સંસ્થાનો પૂર્ણ અહેવાલ રજૂ કર્યો હતો. અને ભવિષ્યમાં પણ આ સંસ્થાની જે જે આર્થિક જરૂરીયાત હશે તે ભુજ મંદિર દ્વારા પૂર્ણ કરવામાં આવશે. એવી ભાવના વ્યક્ત કરી હતી.

પૂ. મહંત સ્વામીએ પોતાના આશીર્વાદ વક્તવ્યમાં જણાવ્યું કે સત્સંગીઓની દીકરીઓના અભ્યાસ અને વિકાસ માટે સંસ્થાના સંચાલકો દ્વારા જે જે જરૂરીઆતની રજૂઆત કરવામાં આવી છે. તે તમામ સગવડો ભુજ મંદિર દ્વારા પૂરી કરવામાં આવી છે ને ભવિષ્યમાં પણ તમામ સવલતો પૂરી પાડવા ભુજ મંદિર પ્રતિબધ્ધ છે. સંસ્થામાં અભ્યાસ કરતી દીકરીઓ સત્સંગની મર્યાદા ગરિમા જાળવીને સારી રીતે અભ્યાસ કરી ખૂબ આગળ વધે અને ભવિષ્યમાં પોતાના પરિવાર અને સંસ્થાનું નામ રોશન કરે એવી ભલામણ સાથે આશીર્વાદ પાઠવ્યા હતા. અને દાતાશ્રીઓની શ્રી નરનારાયણદેવને વિષે નિષ્ઠા અને સેવાભાવનાને બિરદાવતા કહ્યું હતું કે નજીકના ભવિષ્યમાં દીકરા માટે પણ કોલેજનાં આયોજનો હાથ ધરાશે એવો કોલ આપ્યો હતો.

પ.પૂ. આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજે આશીર્વચન આપતાં જણાવ્યું કે ભુજ મંદિર દ્વારા દીકરીઓ માટેની આટલી મોટી કામગીરી ખૂબ જ અભિનંદનને પાત્ર છે. અને સંચાલકશ્રીઓની સેવા ભાવનાને બિરદાવતાં કહ્યું કે આવતા ૧૦-૨૦-૩૦ વર્ષને ધ્યાનમાં લઈને દીકરીઓ માટે ઉપયોગી થાય એવા અભ્યાસક્રમો ચાલુ કરવાની ખાસ ભલામણ કરી હતી.

કોલેજ બીલ્ડીંગના વિવિધ વિભાગોની ઉછામણી દ્વારા નિયુક્ત થયેલ દાતાશ્રીઓ પૈકીમાં

ખાતમુહૂર્ત-પ્રવેશ દ્વાર-મલ્ટીમીડીયા હોલના દાતાશ્રી :- ગોપાલ ઈન્વેસ્ટમેન્ટ પ્રા.લી. ઓસ્ટ્રેલીયા પર્થ હાલ માધાપરના વિશ્રામભાઈ લાલજી પીંડોરીયા, સુપુત્ર કાન્તીભાઈ, જમાઈ મુકેશભાઈ ખીમજી હાલાઈ - સુરજપર

કોમ્પ્યુટર લેબ-૧ના દાતાશ્રી :- આર. કે. કન્ટ્રકશન નૈરોબી, રામજીભાઈ કેશરા વરસાણી - સામત્રા હસ્તે સુપુત્ર નારણભાઈ, લાલજીભાઈ સહ પરિવાર

કોમ્પ્યુટર લેબ-૨ના દાતાશ્રી :- કરશનભાઈ લાલજી વેકરીયા સહપરિવાર માધાપર હાલે કેન્યા, ભીમજીભાઈ રામજી હાલાઈ સહપરિવાર નારણપર હાલે કેન્યા, રામજીભાઈ રત્ના વરસાણી સહપરિવાર વેકરા હાલે કેન્યા

હેડ ઓફ ડિપાર્ટમેન્ટના દાતાશ્રી :- રવજીભાઈ ગોવિંદ વરસાણી સહપરિવાર કેરા હાલે મોશી

પ્રાધ્યાપક ખંડના દાતાશ્રી :- હરિશભાઈ રામજી વેકરીયા - નારણપર હાલે એલ્ડોરેટ, વિરજીભાઈ વેલજી વાઘજીયાણી - નારણપર હાલે નૈરોબી

લાયબ્રેરી-ગ્રંથાલયના દાતાશ્રી :- શીવજીભાઈ વીરજી કેરાઈ પરિવાર - નારણપર હાલે ઓસ્ટ્રેલીયા

પ્રિન્સીપાલ ઓફીસના દાતાશ્રી :- અરજણભાઈ લાલજી દબાસીયા પરિવાર - માધાપર

દિલેર દાતાશ્રી :- વેલજીભાઈ રામજી પીંડોરીયા હસ્તે સુપુત્ર પ્રવીણભાઈ, હરિશભાઈ - મિરઝાપર

ક્લાસરૂમના દાતાશ્રી :- શ્રી ઈન્ડિયન કોલ એજન્સી હા. નરહરિભાઈ કોયા - કલકત્તા, હરિભાઈ કેશરા હાલાઈ પરિવાર - સુરજપર, વિશ્રામભાઈ મુળજી હાલાઈ સહપરિવાર - સુરજપર, ધનજીભાઈ વેલજી ભુડીયા પરિવાર - સુખપર હાલ લંડન, રામજીભાઈ દેવજી વેકરીયા પરિવાર - નારણપર હાલ એલ્ડોરેટ, શ્રી હોથીભાઈ નારણ કારોત્રા પરિવાર - રાપર હાલ મુંબઈ હા. સુપુત્ર ગોકળભાઈ, પૌત્ર લાલજીભાઈ, કૈલાસભાઈ સહપરિવાર, શ્રી લક્ષ્મણભાઈ કન્સ્ટ્રકશન કું. હા. લક્ષ્મણભાઈ રાઘવાણી, પ્રેમજીભાઈ

રાઘવાણી, અ.નિ. કાનજીભાઈ રાઘવાણી - બળદીયા, અ.નિ. મેઘજીભાઈ વેલજી ધનાણી પરિવાર - સુખપર

ઉપરોક્ત મુખ્ય દાતાશ્રીઓ, સહદાતાશ્રીઓ અને કોલેજ બીલ્ડીંગ બાંધકામમાં આર્થિક સહયોગ આપનાર તમામ હરિભક્તોનું આચાર્ય મહારાજશ્રી અને મહંત સ્વામીના વરદ્ હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું. સાથે સંચાલન સમિતી, મહોત્સવ સેવા સમિતી અને બાંધકામ સમિતીની સાથે કોલેજ બીંલ્ડીંગના કોન્ટ્રાકટરો, સુપરવાઈઝરો તેમજ વિશેષ સેવા આપનાર ભક્તોને પણ મહારાજશ્રીના વરદ હસ્તે નવાજવામાં આવ્યા હતા.

મહોત્સવના વકતા શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજી તથા સ્વામી નીલકંઠસ્વરૂપદાસજી દ્વારા પીરસાયેલ સુમધુર સંગીતના સથવારે પોતાની ભાવવાહી શૈલીમાં કથાને સંસ્કાર અને શિક્ષણના વિવિધ પ્રસંગો સાથે વણી લઈને ધારદાર રજુઆત દ્વારા શ્રોતાઓને ભક્તિરસમાં તરબોળ કરી દીધા હતા.

આ મહોત્સવમાં પૂજ્ય મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા, કો. રવજીભાઈ માવજી ભુડીયા, ઉપ.કોઠારી અરજણભાઈ દબાસીયા, મુળજીભાઈ શિયાણી આદિ ટ્રસ્ટી મંડળના સબળ માર્ગદર્શન હેઠળ કોઠારી સ્વામી ભગવદજીવનદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, શા. સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી, સ્વા ધર્મસ્વરૂપદાસજી, સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી શાન્તિસ્વરૂપદાસજી તથા સંસ્થાના પ્રમુખશ્રી વિશ્રામભાઈ કાનજી દબાસીયા, મંત્રીશ્રી પ્રવીણભાઈ પિંડોરીયા, લક્ષ્મણભાઈ શિયાણી, વિનોદભાઈ શિયાણી, લાલજીભાઈ રૂપાલીયા, કાનજીભાઈ વેકરીયા, રત્નાભાઈ કેરાઈ, ભરતભાઈ મહેતા, જયંતીભાઈ રાબડીયા, ડો.પુરુષોત્તમભાઈ હિરાણી, ડો. અનિલભાઈ ગોર, શ્રીમતિ મીનાબેન પટેલ, શ્રીમતિ દેવુબેન દબાસીયા તથા આચાર્ય દક્ષાબેન પિંડોરીયા, અનિતાબેન ચૌહાણ, રક્ષાબેન મહેતાએ વ્યવસ્થા સંભાળી હતી. તથા કોડકી, કેરા, ભક્તિનગર, સુખપર વિગેરે ગામોના ભાઈઓ-બહેનો અને કન્યાવિદ્યા મંદિરની વિદ્યાર્થીનીઓની સરાહનીય સેવા મળી હતી. અને આભાર દર્શન સાથે શ્રી સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટીટ્યુટ (કોલેજનો) ઉદ્ઘાટન મહોત્સવ ધામધૂમથી પૂર્ણ થયો હતો.

અહેવાલ :- મંત્રીશ્રી પ્રવીણભાઈ પિંડોરીયા

## અંજાર મંદિરે ઉજવાયો ભવ્ય શાકોત્સવ

ઉત્સાહથી ઉજવાય એ ઉત્સવ, અને ઉત્સવો તો આપણા સ્વામિનારાયણ સંપ્રદાયની પરંપરા. કોઈ પણ વાર તિથિ કે મહિનામાં નક્કી થયેલ દિવસે ઉત્સવ આવે તે ઉજવાય. પણ આ તો સ્વામિનારાયણ ભગવાન કોઈ પણ વસ્તુને નિમિત્ત બનાવીને ઉત્સવ ઉજવે અને ભક્તોના મનોરથ પરિપૂર્ણ કરે, રાજી કરે એમ શિયાળામાં રીંગણા-વૈંતાકને નિમિત્ત બનાવીને લોયા ગામના ભક્તરાજ સુરાખાચરને ત્યાં ઉત્સવ ઉજવ્યો એ શાકોત્સવ.

અને એવો જ શાકોત્સવ અંજારના મંદિરમાં તા. ૧૪-૧૨-૧૪ રવિવારના દિવસે ઉજવાયો. મંદિરના પટાંગણમાં હજારો હરિભક્તો ભાઈ-બહેનોની હાજરી માં મંદિરના ચોકમાં વ્યાસપીઠ પર બિરાજમાન થઈ પોતાની ભાવવાહી શૈલીમાં શાસ્ત્રી

સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ શાકોત્સવની કથા વર્ણવીને હરિભક્તોને ભાવવિભોર કરી દીધા હતા.

આ પ્રસંગે ભુજ મંદિરેથી મંડળના મહંત સ્વામી ધર્મપ્રસાદદાસજી, સ્વામી પ્રભુચરણદાસજી, સ્વામી દેવકૃષ્ણદાસજી, સ્વામી જગતપાવનદાસજી, પ્રસાદી મંદિરેથી પધારેલ સ્વામી કેશવજીવનદાસજી, સ્વામી પરબ્રહ્મજીવનદાસજી તથા માંડવીથી સ્વામી માધવચરણદાસજી, સ્વામી સુવૃતમુનિદાસજી તેમજ રામપર ગુરુકુળ શ્રીહરિ તપોવનથી શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી, પુ. સ્વામી શાંતિસ્વરૂપદાસજી, પુ. સ્વામી ભક્તિવિહારીદાસજી, ગાંધીધામ ગુરુકુળથી શાસ્ત્રી સ્વામી મુકતવલ્લભદાસજી, સ્વામી સંતજીવનદાસજી તથા ગામે ગામથી સાં.યોગી બહેનો તથા હરિભક્તો પધાર્યા હતા.

આ અવસરે સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી તથા સ્વામી કેશવજીવનદાસજીએ પોતાના પ્રવચનમાં ''સતત ભગવાનનું અનુસંધાન રાખીને ભક્તિ કરીને પોતાના જીવનું કલ્યાણ કરી લેવું'' અને આવા ઉત્સવ સમૈયામાં ભાગ લેવાનું ચૂકવું નહિ, જેથી ક્યારેક અંતકાળે સંતો યાદ આવી જશે તો સંતોની સાથે રહેલાં ભગવાન પણ યાદ આવશે તો જીવનું કલ્યાણ થઈ જાશે. સભાનું સંચાલન શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ કર્યું હતું. અને શાકોત્સવના યજમાન તરીકે અંજારના ભગત પરિવાર વેલજીભાઈ રત્ના સોરઠીયા પુત્રો અશોકભાઈ, મહેશભાઈ, ભરતભાઈ તથા અ.નિ. ધરમશીભાઈ તથા આદિ પરિવાર રહ્યા હતા.

મંદિરના અગ્રગણ્ય સંતો સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ્વામી લક્ષ્મીપ્રસદદાસજી, સ્વામી શાંતિપ્રિયદાસજી, પુ. સ્વામી વિશ્વવલ્લભદાસજી, સ્વામી અદ્‌ભુતાચરણદાસાજી, સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી, સ્વામી દિવ્યપ્રસાદદાસજી, સ્વામી દેવનંદનદાસજી, સ્વામી વ્રજવિહારીદાસજી આદિ સંતોના નેજા હેઠળ ઉત્સવ ઉજવાયો હતો. કોઠારી સ્વામી શ્રીજીનંદનદાસજીનું માર્ગદર્શન મળ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો અંજાર, નાગલપર તથા બેન્સા વિસ્તારના હરિભક્તોનો સાથ સહકાર રહ્યો હતો.

અહેવાલ :- રમણીક વી. સોલંકી, અંજાર

## શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી – વિવિધ કથાઓ

માંડવી કોડાય વાડીવિસ્તારમાં સંતો તથા હરિભક્તોની પ્રસન્નતા માટે તા.૪/૧૨/૨૦૧૪ ના બ્રહ્મચારી સદ્.વાસુદેવાનંદજી દ્વારા રચિત શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરિત્રોથી ભરપુર એવા ભક્તિશાસ્ત્ર શ્રીમદ્ સત્સંગિભૂષણ શાસ્ત્રની પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભુજમંદિરના પ્રસિદ્ધ કથાકાર શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપ દાસજી તથા પુરાણી સ્વામી દેવવિહારીદાસજી વક્તાપદે રહીને પોતાની મધુર વાણીથી ભક્તિમય કથાનું રસપાન કરાવ્યું હતું. રાત્રીના સમયમાં લોકદાયરો તથા રાસોત્સવ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ નું આયોજન કરવામા આવ્યું હતું. કથાના યજમાન પદે પ.ભ. પ્રેમજીભાઈ નારણ છભાડીયા સહપરિવાર રહ્યા હતા. માંડવી મંદિરના મહંત પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી તથા વડીલ સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૯ થી ૧૩ ડિસેમ્બર-૨૦૧૪ સત્સંગીજીવન પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભુજમંદિરના પ્રસિદ્ધ કથાકાર શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા પુરાણી સ્વામી

દેવવિહારીદાસજી વક્તાપદે રહીને પોતાની મધુર વાણીથી ભક્તિમય કથાનું રસપાન કરાવ્યું હતું કથાના યજમાનપદે પ.ભ. ભીમજીભાઈ દેવજી માવજી હિરાણી રહ્યા હતા.

તા. ૧૫ થી ૧૯ ડિસેમ્બર-૨૦૧૪

શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી શ્રી સહજાનંદ સભામંડપમાં શ્રીમદ્ શિક્ષાપત્રી ભાષ્ય પંચાહ્ન પારાયણનું આયોજન રાખવામાં આવેલ હતું.





અ.નિ સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી તથા અ.નિ. મનજીભાઈ રામજી આશાણીની પુણ્યસ્મૃતિમાં માંડવી મંદિરના વડીલ સંતોના સાંનિધ્યમાં ધામધૂમથી કાર્ય સંપન્ન થયું હતું. આ પ્રસંગે ગં. સ્વ. સામબાઈ મનજી આશાણીની ૬ દિકરાઓ તથા ૪ દિકરીઓએ કાર્યમાં સહયોગ આપ્યો હતો. આ પ્રસંગે ભુજ, અંજાર, પ્રસાદી મંદિરેથી તથા ગુરુકુળોમાંથી સંતો પધારી યજમાનોને આશીર્વાદ પાઠવ્યા હતા. આ કથામાં તા. ૧૭ના અમદાવાદથી પ.પૂ. ગાદીવાળા પધારી યજમાન પરિવારના બહેનો તથા સમગ્ર બહેનો ભક્તોને આશીર્વાદ આપ્યા હતા અને ૨૪ ગામના સાં.યો. બહેનો પધારી શોભા વધારી હતી. વક્તા પદે શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી તથા શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા પુ. સ્વામી દેવવિહારીદાસજી રહી કથા રસપાન કરાવી ભક્તિરસથી તરબોળ કર્યા હતા.

તા. ૨૧ થી ૨૩ ડિસેમ્બર-૨૦૧૪ માંડવી પિયાવા વાડીવિસ્તારમાં ભંડેરી પરિવાર દ્વારા ૩ દિવસનું પારાયણ કરવામાં આવ્યું હતું. જેમના યજમાનપદે પ.ભ. મનજીભાઈ વાલજી ભંડેરી





સહપરિવાર રહ્યા હતા. કથાના પહેલા દિવસે બપોર પછીના ભાગમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને માંડવીના સૌ ભક્તો તથા યજમાન પરિવારને આશીર્વાદ પાઠવ્યા હતા. બીજા દિવસે સાંજે યુવક મંડળના યુવાનોની રાત્રીય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભુજ અંજારથી મોટી સંખ્યામાં સંતો તથા ગુરુકુળોમાંથી સંતો પધારી યજમાન પરિવારને રૂડા આશીર્વાદ આપ્યા હતા. ઉપરોક્ત આયોજનો પ.પૂ. મહંત સ્વામી બાલકૃષ્ણદાસજી તથા સ.ગુ.સ્વામી

મુકુન્દજીવનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી સંપન્ન થયાં હતા.

તા. ૨૫ થી ૨૯ ડિસેમ્બર ૨૦૧૪ સુધી પ.ભ. વાલજીભાઈ કાનજી હિરાણી પરિવાર દ્વારા અ.નિ. પિતાશ્રી કાનજીભાઈના મોક્ષાર્થે મંદિરમાં પાંચ દિવસીય શ્રીહરિચરિત્ર પુષ્પમાળા ગ્રંથની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારાપરના રહેવાસી હિરાણી પરિવારે બન્ને મંદિરોમાં પારાયણ કરાવી સંતો ભક્તોનો રાજીપો લીધો હતો.

કથાનું વાંચન પુ. સ્વામી દેવવિહારીદાસજીએ કરી ભક્તોને રાજી કર્યા હતા. યજમાન પરિવારને પ.પૂ. મહંત સ્વામી તથા સ.ગુ. સ્વામી મુકુન્દજીવનદાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા.

અહેવાલ :- સ્વામી વિવેકમુનિદાસજી

## રામપર(જુનાવાસ)માં ઉજવાયો સદ્ગુરુ આનંદ મહોત્સવ

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમકૃપા તથા ભુજ મંદિરના મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડીલ સંતોની પ્રસન્નતાર્થે ગામ રામપર જુનાવાસ મધ્યે વિદુરનીતિ પંચાહ્ન પારાયણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેના યજમાનપદે રામપર હાલે નાઈરોબી પ.ભ. હિરજીભાઈ પ્રેમજી રાજાણી સુપુત્ર શાન્તીલાલભાઈ તથા સુરેશભાઈ પૌત્ર ભાવિક આદિક રાજાણી પરિવાર રહ્યા હતા.

કથા પ્રારંભની પૂર્વ સંધ્યાયે ગામના ભક્તોએ વાજીંત્ર સહિત દિવ્ય પોથીયાત્રા કાઢી હતી. તા. ૧૩-૧૨-૧૪ના રોજ કથાનો પ્રારંભ થયો હતો. તેના વક્તાપદે શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજીએ પોતાની સુમધુર શૈલી દ્વારા વિદુરનીતિ ઉપર સમજાય એવા દૃષ્ટાંતોથી સર્વેને કથા દ્વારા સંતૃપ્ત કર્યા હતા.

પ્રથમ દિવસની સંધ્યાએ દિવ્ય સભા મંડપમાં સમૂહ હનુમાન ચાલીસાનું ગાન કરવામાં આવ્યું હતું. દ્વિતીય દિવસે ભુજથી મોટી સંખ્યામાં સંતોનું આગમન થયું હતુ અને આશીર્વાદ આપ્યા હતા. બીજા દિવસે રાત્રે માંડવી સંસ્કારધામના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડાન્સ-નાટક અને એકપાત્રી અભિનયથી સમાજમાં રહેલા લોકોને પ્રેરણા મળે એવા માધ્યમથી વિદ્યાર્થીઓએ પોતાની કલા અને કૃતિથી પ્રદર્શન કર્યું હતું.

તૃતીય દિવસે રાત્રે મહિલામંચનું આયોજન થયું હતું. જેમાં સાંખ્યયોગી બહેનો દ્વારા તૈયાર થયેલ દીકરીઓએ સુંદર નાટક ડાન્સ દ્વારા સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. ચતુર્થ દિવસે બપોરે૩ વાગ્યે અમદાવાદ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદથી મહારાજનું આગમન થયું હતું. કે.પી. સ્વામી દ્વારા તૈયાર થયેલ વાહન ઉપર શોભાયાત્રા કાઢી હતી. તથા રામપરના યુવાનો પોતાની બાઈકો શણગારીને મહારાજશ્રીને ૪ વાગ્યે લેવા માટે ગયા હતા. જેમાં ઘોડાઓએ સુંદર નૃત્ય કર્યું હતું અને ગામના ભક્તોએ પોતાના વાજીંત્રો વગાડીને મહારાજનું અભિવાદન કર્યું હતું.

સાંજે કથા બાદ મહારાજશ્રી તથા મહંત સ્વામીએ યજમાન પરિવાર સહિત ગામના તમામ ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તેમજ પધારેલા અનેક વડીલ સંતો સભામાં સૌને આશીર્વાદ આપ્યા હતા. અંતિમ દિવસે પરોઢમાં વહેલા ધનુર્માસનો પ્રારંભ હોવાથી દિવ્ય સભામંડપમાં ધૂનનું આયોજન થયું હતું. જેમાં મહારાજ પણ વહેલા આવીને ધૂનમાં

સંમિલિત થયા હતા. ધૂન બાદ સમૂહમાં યજમાન સહિત સર્વે સંતો ભક્તોએ રાસોત્સવમાં રમીને ભગવાનને તથા મહારાજશ્રીને રાજી કર્યા હતા. રાસોત્સવ બાદ મહારાજશ્રી યજમાન પરિવાર સાથે દિવ્ય ફુલોથી શણગારેલ મંદિરમાં પધાર્યા હતા. અને ઠાકોરજીની આરતી ઉતારી હતી. સમગ્ર મહોત્સવમાં સ્વામી અક્ષરમુક્તદાસજી, સ્વામી નીલકંઠદાસજી, સ્વામી નિર્ભયચરણદાસજી, સ્વામી કપીલમુનિદાસજી આદિ સંતો સંગીતના સથવારે કથાનો સુંદર ઓપ આપ્યો હતો.

સમગ્ર મહોત્સવ દરમ્યાન સ.ગુ. સ્વામી ભગવતજીવનદાસજી તથા મંડળના સંતોએ તનતોડ મહેનત કરી આ ઉત્સવને શોભાવ્યો હતો. આ મહોત્સવનું સંપૂર્ણ સંચાલન શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ સંભાળ્યું હતું.

અહેવાલ :- સ્વામી વેદાંતસ્વરૂપદાસજી

## વચનામૃત જયંતીની ઉજવણી – નરનારાયણ નગર

સંવત ૨૦૭૧, માગશર સુદ-૪ બુધવાર તા. ૨૬-૧૧-૨૦૧૪ના રોજ ગામ નરનારાયણનગર મંદિરમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો દ્વારા ૧૯૫મી વચનામૃત જયંતી ઉત્સવ ઉજવણીનું આયોજન રાખેલ હતું. તેમાં યુવાનો, વડીલો ભેગા મળીને ભાગ લીધો હતો. જેમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાને પોતે જ વક્તા સ્થાને રહીને વચનામૃતનું રસપાન કરાવ્યું. લોયાનું ૬ અને ૭ વચનામૃતની કથા બાદ મંદિરના વડીલ અને એક યુવાન કથાની અંદર વાંચેલ વચનામૃત ઉપર પોતાની આગવી શૈલીમાં સરળ રીતે વચનામૃત સમજાવ્યું હતું કે જેથી કરીને યુવાનોને સરળતાથી સમજાઈ જાય.

ત્યારબાદ વચનામૃતનું અબિલ કંઠુ ગુલાલ, ચોખા, પુષ્પો દ્વારા પૂજન કરવામાં આવ્યું હતું. તેમાં સૌપ્રથમ મંદિરના પૂજારી તથા ટ્રસ્ટીશ્રીના વરદ્ હસ્તે પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સભામાં પધારેલ સર્વે વડીલો અને યુવાનો વ્યક્તિગત રીતે વચનામૃત પૂજનનો લ્હાવો લઈને ખૂબ આનંદ વિભોર થયા હતા. આમ, નરનારાયણ નગર મંદિર મધ્યે વચનામૃત જયંતી ઉજવણી કરાઈ.

અહેવાલ :- મંત્રીશ્રી જગદીશ નાનજી ગોરસીયા

## શાકોત્સવ – શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન, ભાટ

શ્રીજી મહારાજે લોયામાં કરેલ શાકોત્સવની લીલાની યાદ તાજી કરાવતો શાકોત્સવ શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન, ભાટ(ગાંધીનગર)ને આંગણે તા. ૭-૧૨-૧૪ રવિવારના ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. બપોરપછી ૫:૦૦ વાગ્યે સ્વામી આનંદવલ્લભદાસજીએ શાકોત્સવની લીલા સંગીતના સુમધુર શૈલીમાં કથામૃતનું રસપાન કરાવ્યું હતું. ત્યારબાદ સંતોના આશીર્વચનનો લ્હાવો સૌ હરિભક્તોને મળ્યો હતો. તેમજ નાના-મોટા જે કોઈ હરિભક્તોએ સેવા કરી હતી તેમને સન્માનવામાં આવ્યા હતા. શાકનો વઘાર સ્વયં સંતોના વરદ્ હસ્તે સભામાં લાઈવ રીતે કરવામાં આવ્યો હતો. અને ત્યારબાદ રાસોત્સવની રમઝટ બોલવવામાં આવી હતી. અને અંતે સૌ કોઈ ભક્તો પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા. આ સમગ્ર ઉત્સવના યજમાનપદે શશીકાંત ગાંગજી પીંડોરીયા અમદાવાદ રહ્યા હતા. આ પ્રસંગે ભુજ તેમજ માંડવી મંદિરેથી સંતો ખાસ આશીર્વાદ આપવા માટે પધાર્યા હતા. સભા સંચાલન સ્વામી ઉત્તમચરણદાસજીએ કર્યું હતું.

અહેવાલ :- નારણ રવજી હાલાઈ, કોડકી

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજિત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ એવમ્ નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

સં.૨૦૭૧ ફાગણ વદ અમાસ તા. ૨૦-૩-૧૫ શુક્રવારથી ચૈત્ર સુદ ૭ તા. ૨૬-૩-૧૫ ગુરુવાર

## નારાયણ યજ્ઞ

ચૈત્ર સુદ ૮ તા. ૨૭-૩-૧૫ શુક્રવાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની પ્રસન્નતાર્થે આગામી તા. ૨૦-૩-૧૫ થી તા. ૨૭-૩-૧૫ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિર:શાંતિ માટે, કોઈ બ્રહ્મનિષ્ઠ સંતની પુણ્યસ્મૃતિમાં પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

**એક પોથીના રૂા. ૨૧,૦૦૦/-**

**પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે**

**૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે**

**વિષ્ણુયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.**

૧ પોથીના યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૧૦ પાસ આપવામાં આવશે.

સંહીતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોય તેમાં ૨૧ પ્રખર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે

જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો ફોટો તથા સુખડનો હાર લાવી શકાશે, સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

## કથા સ્થળ

**શ્રી સ્વામિનારાયણ મંદિર**

**શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ, ભુજ-કચ્છ. ફોન નં. ૨૫૦૨૩૧/૨૫૦૩૩૧.**

શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન ઈન્દોરનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ તા. ૧૨,૧૩,૧૪ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ ભવ્યાતિ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો. જેમાં ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી સનાતનદાસજી, કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગત, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી તથા સત્સંગ ભવન સંચાલક સંતો પુરાણી સ્વામી પરમહંસદાસજી તથા શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી આદિ સંતોએ પધારી દર્શન આપી પ્રસંગને શોભાવ્યો હતો.

આ સમૈયામાં ખાસ અમદાવાદથી પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ પધારી ઈન્દોરવાસી ભક્તોને ધન્ય કર્યા.

તેમજ આ પ્રસંગે ત્રિ-દિનાત્મક કથામૃતનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેના વક્તાપદે શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા શા. સ્વામી હરિપ્રસાદદાસજીએ રહી સારસમજાની જ્ઞાનગંગા વહેરાવી હતી. આ પ્રસંગના મુખ્ય યજમાન પ.ભ. અ.નિ. રામજીભાઈ હરજીભાઈ ભાવાણી, સુપુત્ર પ.ભ. ચંદુભાઈ તથા પ.ભ. મણીલાલભાઈ આદિ પરિવારે લાભ લીધો હતો. તથા સમસ્ત આયોજનનું સફળ સંચાલન શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું.

અહેવાલ :- મંત્રીશ્રી વિરજીભાઈ ભાવાણી

## ગોડપર – શિવમંદિરનો પાટોત્સવ

માગશર સુદ-૧૩ તા. ૪-૧૨-૧૪ના શિવમંદિરનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. શ્રી સ્વામિનારાયણ મંદિરેથી ઠાકોરજી સહિત મંડળી લઈને પધાર્યા હતા. ભુજ મંદિરેથી મંડળના સંતો તથા સ્વામી શ્રીહરિદાસજી તથા સ્વામી કેશવજીવનદાસજી પણ પધાર્યા હતા. શાસ્ત્રી સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ વિદુરનીતિનું કથા રસપાન કરાવ્યું હતું. શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ સભા સંચાલન કરીને તથા પુ. સ્વામી શ્રીહરિદાસજીએ વિદુરનીતિનો અભ્યાસ કરીને જીવન જીવવાની ટકોર કરી હતી. તેથી તરત જ સભામાં વિદુરનીતિ ગ્રંથનું વિતરણ કરવામાં આવ્યું હતું. પુરાણી સ્વામી પરમહંસદાસજીએ પણ પ્રવચન આપ્યું હતું. આ પ્રસંગે બપોરના ભોજન પ્રસાદના યજમાન પ.ભ. શીવજીભાઈ કુંવરજીએ લાભ લીધો હતો. સાંજે મહાઆરતી સંગીત સાથે ઉતારવામાં ભક્તજનોએ હાજરી આપી હતી. આવો અદ્‌ભુત પ્રસંગ ઉજવાયો હતો.

અહેવાલ :- પ્રમુખશ્રી લક્ષ્મણભાઈ

**:: અક્ષરવાસ ::**

ગામ રામપર(વેકરા)ના પ.ભ. મૂળજી ધનજી હિરાણી ઉ.વ. ૭૫ તા. ૪-૧૨-૨૦૧૪ના રોજ શ્રીજીનું સ્મરણ કરતાં અક્ષરવાસી થયા છે. પરમ કૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન દિવગંત આત્માને પોતાના ચરણકમળનું સુખ આપે એજ પ્રાર્થના.

# વિદેશ સમાચાર



## શ્રી સ્વામિનારાયણ મંદિર ઈસ્ટ લંડન – વિવિધ ઉત્સવો

ઠાકરથાળી :- તા. ૩૧-૮-૧૪ રવિવારના પ.ભ. વાઘજીભાઈ હરજીભાઈ હીરાણી પરિવાર જન્મદિવસ નિમિત્તે , ૧૪-૯-૧૪ રવિવાર મંદિર તરફથી ઠાકરથાળી મહોત્સવ.૫-૧૦-૧૪ રવિવાર પ.ભ. હરિકૃષ્ણભાઈ શાન્તીલાલભાઈ વરૂ અને પરિવાર પુરાગઢ તરફથી ઠાકરથાળી ઉત્સવ, પ.ભ. કેસરબેન પ્રેમજીભાઈ ભુડીયા પરિવાર ગામ માનકુવા વાળા, પ.ભ. દિપકભાઈ કલ્યાણભાઈ વેકરીયા કુમારી અનૈયાના જન્મદિન નિમિત્તે ગામ બળદિયા, પ.ભ. વિશ્રામભાઈ શામજી શિયાણી પ.ભ. રવજીભાઈ સામજી શીયાણી તથા દિકરી કુમારી નિતી લક્ષ્મણ શીયાણી સર્વેના જન્મદિન નિમિત્તે, પ.ભ. કલ્પેશભાઈ રવજીભાઈ કેરાઈ પરિવાર ગામ માનકુવા, પ.ભ. લલીતાબેન જેશી હસ્તે સુપુત્રી ઈન્દુબેન પરિવાર, શ્રી સ્વામિનારાયણ મંદિર તરફથી આ ઠાકરથાળીનું આયોજન કરવામાં આવેલ હતું.

શ્રી વડતાલ પિઠાધિપતિ પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ તા. ૩૧-૮-૨૦૧૪ના રવિવારે સાંજે નિજ મંદિરે દર્શને પધારી આશીર્વચન આપી સર્વેને રાજી કરેલ.

તા. ૧૪-૯-૧૪ રવિવારે પ.પૂ. ભુજ ધામના સંતો, શ્રી સ્વામિનારાયણ કન્યા છાત્રાલય સેવા નિમિત્તે સ.ગુ. પુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ.પુ. સ્વામીબાલકૃષ્ણદાસજી આદિ સાત સંતો મંદિરે પધારેલ હતા.

તા. ૬-૧૧-૨૦૧૪ને ગુરુવારે શ્રી મંદિરે તુલસી વિવાહ : વરપક્ષમાં પ.ભ. શાંતિભાઈ પુંજાભાઈ લીંબાણી પરિવાર ગામ માનકુવા તેમજ કન્યા પક્ષમાં પ.ભ. દેવશીભાઈ નારણ વેકરીયા પરિવાર ગામ સુખપરવાળા રહ્યા હતા. સાંજે સર્વ ભક્તોને મહાપ્રસાદ ભોજનથી રાજી કર્યા હતા.

અહેવાલ :- મંત્રી અરવિંદભાઈ વેકરીયા
સહમંત્રી - પુલકીતભાઈ કોરાટ

## મંદિરની સામાન્ય વાર્ષિક સભા – શ્રી સ્વામિનારાયણ મંદિર, સીડની – ઓસ્ટ્રેલીયા

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તથા ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી તથા બ્રહ્મનિષ્ઠ વડીલ સંતોના દિવ્ય આશીર્વાદ તથા પ્રેરણાથી સીડનીમાં સત્સંગ પ્રવર્તીનો ખુબ જ વિકાસ થઈ રહ્યો છે.

આપણા સીડની મંદિરની સામાન્ય સભા તા. ૧૫-૧૧-૧૪ના રોજ હતી. જેમા ગત મીંટીગનો અહેવાલ સભામાં વંચાણો અને બધા હરિભક્તોના રાજીપાથી કાર્યક્રમ આગળ વધ્યો. ત્યારબાદ મંદિરના ખજાનચીએ સંસ્થાના વર્ષ ૨૦૧૩-૨૦૧૪ના વાર્ષિક હિસાબોનો અહેવાલ રજૂ કર્યો, જે સભામાં હાજર રહેલા સર્વે હરિભક્તોએ આનંદ પૂર્વક વધાવીયો.

ત્યારબાદ અધ્યક્ષશ્રીની રજાથી હાલની કમિટીની નિવૃત્તિ થઈ અને નવી કાર્યવાહિક કમિટી જુલાઈ ૨૦૧૪ થી ૨૦૧૭ સુધીની રજૂ કરવામાં આવી અને તેમા નીચે મૂજબ કમિટીની નામાવલિ છે.

અધ્યક્ષશ્રી - કરશનભાઈ શીવજી કેરાઈ - નારાણપર, ઉપાધ્યક્ષશ્રી - નારણભાઈ મનજી વરસાણી - બળદીયા, મંત્રીશ્રી - રવિભાઈ શીવજી હાલાઈ -

દહીંસરા, સહમંત્રીશ્રી - નાનજીભાઈ પ્રેમજી જેસાણી - બળદીયા, ખજાનચીશ્રી - દિનેશભાઈ રવજી જેસાણી - બળદીયા, સહખજાનચી - સુરેશભાઈ હીરજી રાજાણી - રામપર, પબલીક ઓફિસર - દીપકભાઈ કાનજી રાબડીયા - બળદીયા, સભ્યો - ધનજીભાઈ મનજી વરસાણી - બળદીયા, નીતીનભાઈ વાઘજી કેરાઈ - રામપર, પંકજભાઈ લાલજી વરસાણી - નારાણપર, નીલેશભાઈ વાલજી ખેતાણી - કોડકી, મહેન્દ્રભાઈ લાલજી વેકરીયા - વેકરા, નીતીનભાઈ મનજી હીરાણી - માનકુવા, નીતીનભાઈ કેશરા ખેતાણી - ઉ.સુખપર

આ નામાવલિને સભામાં હાજર રહેલા સર્વે હરિભક્તોએ આનંદ પૂર્વક વધાવી. પછી અન્ય જાહેરાતો કરીને અધ્યક્ષશ્રીની રજાથી આ સામાન્ય સભાને શ્રી સ્વામિનારાયણ ભગવાનના જય નાદ ઘોષ કરી અને સમાપ્ત કરી.

બીજું ભુજ મંદિરથી નિમાયેલા ૭ ટ્રસ્ટીઓ જેવો ૨૦૧૪ થી ૨૦૧૯ (૫ વર્ષ) રહીને સેવા કરશે.

ટ્રસ્ટી મંડળ :- મુખ્ય ટ્રસ્ટી મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, માવજીભાઈ કરસન રાજાણી - રામપર, નારણભાઈ મનજી વરસાણી - બળદીયા, કરસનભાઈ શીવજી કેરાઈ - નારણપર, દીનેશભાઈ કેશરા ખેતાણી - ઉ.સુખપર, રવીભાઈ શીવજી હાલાઈ - દહીંસરા, નાનજીભાઈ પ્રેમજી જેસાણી - બળદીયા

અહેવાલ :- મંત્રીશ્રી રવિભાઈ શીવજી હાલાઈ

# મંદિરની સામાન્ય વાર્ષિક સભા

શ્રી પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિરની વાર્ષિક જાહેર સભા શનિવાર તા. ૪-૧૦-૨૦૧૪ના રોજ સાંજના મંદિરના ડાઈનિંગ હોલમાં બોલાવવામાં આવેલ હતી.

અધ્યક્ષશ્રી પ.ભ. લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાણી આદેશ સાથે સભાનું કાર્ય શરૂ કરવામાં આવેલ. મંત્રીશ્રી એ ગત વાર્ષિક સભાની નોંધનું વાંચન કરેલ અને સને ૨૦૧૩/૨૦૧૪નો વાર્ષિક અહેવાલ વાંચી સંભળાવેલ. ત્યારબાદ ખજાનચીશ્રી મનજીભાઈ કાનજીભાઈ રાઘવાણીએ ૨૦૧૩નો વાર્ષિક આવકજાવક હિસાબ સભા સમક્ષ વાંચી સભળાવેલ હતો.

ત્યારબાદ વિદાય લેતી સમિતિએ કરેલ મંદિરની પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખી તન, ધન અને ધનથી કરવામાં આવેલ સેવા બદલ અધ્યક્ષશ્રી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવેલ અને જૂની સમિતિને બરખાસ્ત કરી અને સને ૨૦૧૩-૨૦૧૪ના વર્ષે માટે નવી કારોબારી સમિતીની રચના સર્વે હરિભક્તોની ઈચ્છાનુસાર સર્વાનુંમતે કરવામાં આવેલ.

આ ઉપરોક્ત વાર્ષિક જાહેર સભામાં નિમાયેલ કમિટીમાં ચેરમેન લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાણી, બળદિયા, વાઈસ ચેરમેન મનજીભાઈ કાનજી રાઘવણી, બળદિયા, સેક્રેટરી ભીખાલાલ વેલજી ગોરસીયા, સુખપર, સહસેક્રેટરી હિરજીભાઈ વેલજી આસાણી, વેકરા, સહસેક્રેટરી મનોજ કરસન આસાણી, વેકરા, ખજાનચી વિશ્રામભાઈ નાથા ભંડેરી, વેકરા, સહખજાનચી દિનેશ ધનજી વરસાણી, સામત્રા, સહખજાનચી અરવિંદભાઈ નારણ ભુડીયા, સુખપર, કોઠારી વિશ્રામભાઈ પ્રેમજી દબાસીયા, કોડકી, સહકોઠારી કાન્તી માવજી રાબડીયા, માંડવી, સહકોઠારી હિરજીભાઈ મનજી કારા, માંડવી, ઓડિટર લાલજી દેવશી ગરારા, બળદિયા, સભ્યો હિરજીભાઈ વીરજી વરસાણી, વેકરા, પરબત પ્રેમજી રાજાણી, રામપર, જયક્રિષ્નભાઈ પિઠાડીયા - નૈરોબી, કાન્તિલાલ નારણ કેરાઈ, બળદિયા, હરિશ વ્રજલાલ સોની, નૈરોબી, કુરજી જાદવા છભાડીયા - માંડવી, જેઠાલાલ વાઘજી વરસાણી, સામત્રા, નારણ દેવજી કેરાઈ - રામપર, ખીમજી પરબત રાજાણી, રામપર, ભીમજી લક્ષ્મણ રાઘવાણી, બળદીયા, કાનજી નારણ રાઘવાણી - બળદીયા.

અહેવાલ :- મંત્રીશ્રી ભીખાલાલ વેલજી ગોરસીયા

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૫૦૦/- | પરી(લાડુબા) | કરાલ વડોદરા | લાડુબાના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૧૦/- | નિતેશ નારાણભાઈ રાબડીઆ | મિરજાપર | નવી ગાડી સુઝુકી લીધી તે નિમિત્તે ભેટ |
| ૧૦૦૦/- | ધ્રુવ અને સાયલ, વિદ્યા અને રિયા | એમેરિકા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | વાલબાઈ અરજણ કેરાઈ પરિવાર | રામપર-વેકરા -લંડન | શ્રીનરનારાયણદેવના લાઈવ દર્શન નિમિત્તે |
| ૨૦૦/- | મહેન્દ્ર પ્રેમજી પિંડોરીયા ધ.પ. અમૃતબેન | માધાપર | સુપુત્રી અંકિતાના લગ્ન પ્રસંગે ભેટ |
| ૧૦૦/- | દિપકભાઈ જયંતિલાલ સુથાર | રાપર | ભાણેજના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | મનીષ પ્રેમજીભાઈ નાકરાણી હ. પ્રેમજીભાઈ | રવાપર હાલે ભુજ | ચિ. અર્પિ અને પુત્ર દ્વિજના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | બહાદુરસિંહ રામસંગજી જાડેજા | વાયોર | નવી ટ્રકની ખરીદી કરી તે નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | મુળજી ધનજી હીરાણી હ. હરિશભાઈ | રામપર-વેકરા | તેમના મોક્ષાર્થે ભેટ |
| ૧૫૧/- | રસિકલાલ કાનજીભાઈ રૈયા ઠક્કર | ભુજ | સુપુત્ર ચિ. ભાવિનના લગ્ન નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | રાજાભાઈ હરિશભાઈ ઠક્કર હ. હરિભાઈ | ભુજ | ઘેર શુભ પ્રસંગ હોતાં ભેટ |
| ૧૫૧/- | રૂપશી ધનજી ખુથીયા | મુંબઈ | છપૈયામાં કથા પારાયણ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | રૂપશી ધનજી ખુથીયા | મુંબઈ | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૦૧/- | રાજ હરજીવનભાઈ ચંદે | ભુજ | લગ્ન નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | ભાવેશ નારણ પિંડોરીયા હ. કાન્તાબેન | ભુજ | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | પુનિત નારણ પિંડોરીયા હ. કાન્તાબેન | ભુજ | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | ટ્વીન્કલ માવજી હીરાણી હ. મંજુલાબેન | સુખપર-રોહા | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | વિશ્રામ કરસન પાંચાણી આદિ પરિવાર | કેરા | કથા પારાયણ ઘનશ્યામ લીલા નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | પ્રવિણ માવજીભાઈ હીરાણી | માનકુવા | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | વાલજી નાનજી ગોગારી | ઘડાની | ધનુર્માસ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | હરેશભાઈ ડાહ્યાલાલ ગોગારી | ઘડાની | ધનુર્માસ નિમિત્તે ભેટ |
| ૧૫૦૦/- | પ્રેમજી નારણ છભાડીયા ધ.પ. વાલબાઈ હ. સુપુત્રો સામજી, દેવશી, ગોવિંદ, લાલજી સહપરિવાર | કોડાય | પંચાહ્ન પારાયણ નિમિત્તે ભેટ |
| ૧૫૦/- | દેવજી સામજી છાંગા | હિરાપર | નવી બાઈક ખરીદી તે નિમિત્તે ભેટ |
| ૧૧૧/- | ગોવિંદ કરસન વરસાણી | માધાપર | શ્રી સ્વામિનારાયણ મંદિર અક્ષરભુવન ઓપનીંગ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | અ.નિ. લાલબાઈ મનજી ધનાણી હ. સામજી મનજી | સુખપર | અ.નિ. થતાં તેમના મોક્ષાર્થે ભેટ |
| ૧૦૧/- | ઉર્વશીબેન સામજી વેકરીયા | સુખપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૫૦૦/- | મનજીભાઈ વાલજી ભંડેરી | પિયાવા | વાડીમાં પારાયણ કરી તે નિમિત્તે |
| ૨૦૦૦/- | ગં.સ્વ. સામબાઈ મનજી આશાણી | માંડવી | મંદિરે પારાયણ કરી તે નિમિત્તે |

## ધામધૂમથી ઉજવાયો સદ્‌ગુરૂ આનંદ મહોત્સવ – રામપર જૂનોવાસ













## અંજાર મંદિરે ઉજવાયો દિવ્ય શાકોત્સવ





## શ્રી સહજાનંદ ગુરૂકુલ માનકુવા ઈંગ્લીંશ મીડીયમ સ્કૂલ બિલ્ડીંગનું થયેલ ખાતમુહૂર્ત







# શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત
# શ્રી સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટીટ્યુટ (કોલેજ)નો ઉદ્‌ઘાટન મહોત્સવ ઉજવાયો









